પત્ર દૂત.

કીંમત આઠ આના.

પત્રદૂત.

રચીને પ્રસિદ્ધ કરનાર.

લલ્લુભાઈ નાનાભાઇ ભટ્ટ

(મિત્રવિરહ તથા શશિકળાનો)

કર્ત્તા.

અમદાવાદ.

"ગુજરાત ગેઝેટ" પ્રેસમાં છાપ્યો.

સંવત ૧૯૫૨ સને ૧૮૯૬.

કીંમત આઠ આના.

ઉપોદ્ઘાત.

સુજ્ઞ વાચકોને યાદ હશે કે મારા તરફથી સંવત ૧૯૪૧ માં શશિકળા નાટક નામનું પુસ્તક પ્રસિદ્ધ કરવામાં આવેલુંછે. જેમાંનું વસ્તુ મેં મારા પોતાથી નહીં, પણ આદ્ય કવિવર વ્યાસજીના પુરાણોમાંના ભગવતિ ભાગવત ઉપરથી લીધેલું હતું. અને બનતાં સુધી તેમાં મેં મારા પોતાના તરફથી નહીં જેવોજ ફેરફાર કરેલોછે. પરન્તુ આમાંતો તદન મારા વિચારોની કલ્પનાએજ તે શશિકળામાંનો નાયક સુદર્શન, જેણે કે દેવિ અંબિકાની આજ્ઞાથી કાશીપુરીમાં શશિકળા સાથે પોતાનાં લગ્ન થયા પછી દુશ્મનોને હરાવી ચિત્રકૂટ આવી મુનિશ્રી ભારદ્વાજ કે જેમનો તે આશ્રિત હતો તેમની આજ્ઞા લઇ અયોધ્યામાં આવી પોતાની રાજગાદી હસ્તગત કરી પોતાની પ્રિયા સાથે મોજશોખમાં દીવસ નિર્ગમન કરતો હતો તેને પોતાના ખડીયા રાજાઓની ગેરવર્તણુકથી તેમને વશ કરી પુનઃવિજય મેળવવા સારૂ પ્રવાસે મોકલ્યો છે જે કેટલાક મુલક જોતો જોતો રાજાઓને વશ કરતો છેવટ દક્ષિણમાં આવેલો છે. જે ભૂમિમાં વિજયને માટે અનુકુળ વખત નહીં મળવાથી ત્યાં રોકાઇ રહ્યોછે. અને તેમ કરતાં કેટલાક માસ વિતી ગયા. ત્યારે પોતે એક દિવસ સાંજને સમયે ફરવા નીકળ્યો છે, ત્યાં કોયલનો મધુર સ્વર શ્રવણેન્દ્રિયે પડતાંજ પોતાની વિરહી પ્રિયા શશિકળા યાદ આવતાં, અંતરમાં અનેક તર્ક વિતર્ક થવા લાગ્યા.

પરંતુ પોતે વિદ્વાન હોવાથી મનોવૃત્તિને શાંત કરી, યક્ષનો વિચાર લઇ- તેણે જેમ પોતાને થએલા શ્રાપે ફરજીયાત વિયોગ વેઠવો પડતો હોવાથી પોતાની વિરહી પ્રિયાને મેઘ—વરસાદ સાથે પોતાનો સંદેસો કહેવરાવ્યો હતો તેમ પોતાને વિજય માટે દક્ષિણમાં રહેવું ફરજીયાત થવાથી- "પત્રદૂત" મોકલવાની ધારણા કરી. તે અમલમાં મૂકી છે. એજ આ ગ્રંથનું વસ્તુ છે. જેમાંની તમામ રચના મન કલ્પિત છે વિજ્ઞાપના તદ્દન એકજ પદ્યમાં ગ્રંથ કરવાનો મારો આ પ્રથમ પ્રયાસ ને તેપણ પોતા આગળ મનને દોરવા સારૂ તેવું કાંઈ સાધન ન હોવાથી તેમાંના ગુણ ગ્રહણ કરી દોષ ઉપર વિદ્વજ્જનો ધ્યાન આપી મને પત્ર દ્વારા સૂચના કરશે તો તેમનો હું આભાર માનીશ, કેમકે મને સુધારવાનું તે એક સાધન થઇ પડશે. મારો પ્રયાસ દિન પ્રતિદિન ફતેહમંદ નીવડે છે એમ મને લાગેછે, કારણકે પ્રથમ મિત્ર વિરહ નામનો ગ્રંથ મેં રચ્યો હતો, ત્યારબાદ ગદ્ય પદ્યાત્મક શશિકળા અને બાદ પદ્યરૂપે અને તેપણ એકજ વૃતમાં આ પત્રદૂત બહાર પડે છે. પણ હમેશાં માણસ પોતાની ભૂલ જોઇ શકતું નથી તેથી હું પણ મારી ભુલ જોઈ શકું નહીં, એ સ્વભાવિક છે. અને વિદ્વાનોની ફરજ છે કે તેમણે પોતા રૂપ કરવા માટે જે ખામીઓ નજરે પડે, તે જણાવવી. સબબ તેઓ મેહેરબાની થવાની આકાંક્ષા સાથે આ ઉપોદ્ઘાત બંધ કરૂંછું.

અમદાવાદ
સંવત ૧૯૫૨ના
આસો સુદ ૧૫

સેવક
લલુભાઇ નાનાભાઇ ભટ્ટ

અર્પણપત્રિકા.

મંદાક્રાન્તા વૃત.

વિદેં પામે વિરહિ જન જે વિશ્વમાંહિ વિકાર
તેનો આમાં વિરહિ રિતથી કૈંક આપી ચિતાર
વદી પ્રેમે વિરહિ જનને ગ્રંથ આ અર્પું છું જે
શાન્તિ રૂપે વિરહિન વળી ભેટ સ્વિકારશો તે. ૧

વિજ્ઞાપના.

જ્ઞાતાઓના વિરહવિષયે સંસ્કૃતે ગ્રંથસારા
હાવે ભાવે પરિપૂરણને પદ્ય લાલિત્ય વાળા
ગ્રંથેલાછે તદપિ વિબુધો પાર પામ્યા ન તો હું-
વિહ્વાવસ્થા વિરહિ જનની અલ્પજ્ઞાની લખું શું ? ૨

કિન્તુવર્ણું ઉલટ ધરીને મનમાં આ ઘડીએ
વેઠે વિહ્વે વિરહિ દુઃખને વેદના જે વડી તે
ઇચ્છા રાખું ભૂલ કંઇ જડયે સુજ્ઞ સુધારી લેશો
નાથાવાએ અવર સમયે સૂચના સર્વ દેશો - ૩

જેથી કાવ્યે પડતી ભૂલ સૈ મારી સુધારી લેઉં
ને કાવ્યાર્થે મનન કરીને કાવ્ય સારૂં કરૂં હું
વિજ્ઞપ્તીએ વિબુધ જનની પાસ પ્રેમે કરીને
આરંભું છું કવન લખવા લેખીની હાથ લેને ૪

મંગળાચરણ.

લીલા જેની મધુવન તણી પૂર્ણ પ્રેમાળ ભાસે
જેના મોટા યશ કવિ કથે વ્યાસ આદિ ઉલ્લાસે
આપી શાંતી પ્રણય રસથી ગોપિયો સ્વર્ગ પ્રેરી
તે શ્રી રાધા—રમણ પૂરજો કામના સર્વ કેરી ૫

પત્રદૂત પ્રારંભ.

સૃષ્ટીમાંહી વિવિધ રીતની મોજ માણી ઘણીક
ક્રીડાઓથી ગમત રમતે સૌખ્ય લેતો અધિક
એવો રાગી તરૂણિ તનને મૂકી સંબંધી પાસે
ચાલ્યો પોતે ઉલટ ધરીને વિજયાર્થે પ્રવાસે

દક્ષિણે જ્યાં અધિક દિપતિ મૂલ્યવાળી ભૂમિછે
ખ્યાતિ જેની સકળ જગમાં પૂર્ણતાથી ધૂમિછે
જાણ્યું જાતાં નવિન રીતના મૂલકે હાથ થાશે
વૃદ્ધિ તેથી ધન, ભૂતણીથે વૈભવો બૌ મણાશે ૭

ગાળી પાંચે વિરહિ ૠતુઓ ત્યાંહિ આશે ભરેલી.
તોએ આશા ફળી ન મનની વિજયાર્થે કરેલી
ચિન્તા વિહેં હૃદય બળતું ઠારવા કાજ પોતે
ચાલ્યો જોવા ઉપવન લિલા એક સાંજે વસંતે ૮

ત્યાં ઉદ્યાને ગમન કરતાં એકથી એક સારાં
વૃક્ષો પક્ષી નજર પડતાં ઠામઠામે રૂપાળાં
વાએ વાયુ અધિક સુખદા પુષ્પ વાસે ભરેલો
પક્ષીઓના મધુર રવથી મસ્ત ગાને થએલો ૯

એ આવે લે વનતણી રતુ— રાજ કેરી લીલાઓ
નીહાળંતો અમળ જળના રમ્ય વેતા ઝરાઓ
આમ્રાદિ સૌ તરૂવરતણી જ્યાં ઘટાછે ઘણેરી
દીઠી પાસે રમણિય જગા એક કાસાર કેરી ૧૦

જોએ જ્યાં ત્યાં મધુરવરથી કોકિલા કોક કાળી
બોલ્યે આવી તરત સ્મરણે કોકિલા કંઠ વાળી
વૃદ્ધિ કીધી વિરહ તણાંને દુઃખમાંલીન કીધો
કિન્તુ પાછો સ્થિર મન કરી આમ વિચાર લીધો ૧૧

યક્ષે જેવો વિરહિ વધુને મોકલ્યો મેઘદૂત
તેવો હુ એ વિરહિ પ્રિયને પાઠવું પત્ર દૂત
થાએ જેથી વિરહ દુખની શાંતિ મારી પ્રિયાને
હું ધિહોંનું મન ધિરજ લે કાઢી સૌ ઉભરાને ૧૨

ધારી એવું વિરહ દુખને ટાળવા હામ લાવી
બોલ્યો પોતે પરમ પ્રિયવત્ પત્રને હાથ ઝાલી
જાણું ના હું પ્રિયતમ તુમાં મોહિની શું ભરીછે
જેથી જોતાં ભ્રગુટિ ચળીને વેદના વ્યાપી રૈ છે. ૧૩

કૈં પ્રેમીને પ્રથમ મળીને પ્રેમશાસ્ત્રો શિખાવ્યાં
કૈં પ્રેમીને કથન કથીને પ્રિતપૂરે હસાવ્યાં
કૈં પ્રેમીને દુઃખની કુથલી સોંપી દુખે ડુબાડ્યાં
કૈં પ્રેમીને સુખની સિમમાં મોકલીને રમાડ્યાં ૧૪

ગુણો તારા મનગ્રહી કરૂં ખ્યાલ જ્યાં હુ પ્રિતેથી
જોઉં ના કે અવનવું પ્રિયે તુજમાં એ રિતેથી
કૌટુમ્બી કે સહુ તુજતણે જ્ઞાનભંડાર કેરી
રક્ષાકોશી ઉદર ગ્રહોને પૂર્ણ પ્રેમે ઘણેરી ૧૫

તે વંશે તું બધિર ઉજળો મૌન ને કુમળો છે
પીડાતોએ વિરહિ જનની સર્વ જાણી શકેછે
ચોખ્ખો જાતે સકળ જગમાં સુખદાતા ઘણેરો
મૂર્તિ દીઠે અધિક ઉછળે તર્કસિંધુની લ્હેરો ૧૬

અક્ષીમાં તું પલક પલકે પ્રીતનાં આંસુ આણે
અધરોષ્ટે તે મુખની પરનું રંગ બેરંગ આણે
ઓછો વત્તો ફરક કરીને બોલ એકયે ન બોલે
તોળંતો તુ સુભગ સર્વે ન્યાય તો એક તોલે ૧૭

સામો કેરા હૃદયની મહીં છાપતો છાપતો તુ
વિચારોની પ્રિતથી ચહીને સર્વ કેરૂંજ સારૂં
એવા એવા સુગુણ ગુણથી યુકત પેખી તને હું
માનુ છું કે સરવ કરતાં યોગ્ય દૂતત્વને તુ ૧૮

ક્ષેમ સ્થિતી કદિક હુંતો તારથી મોકલાય
કિન્તુ તેથી મુજ મનતણા ઉભરા ના કઢાય
એ દ્વારાએ અધિક કથતાં વાત સૌ જાણી જાય
પ્રેમી વાતો પ્રિયતમ વિના અન્યને ના વદાય ૧૯

ગાઢી મૈત્રિ પરસ પરની પેખીને એમ થાય
આ વિરહિને કઠણ સમયે આવશે તુજ રહાય
કામ જ્વર્થી તપિત તનડું તર્ફડી ના મરે ને
ફાટશું આ હૃદય મુજનું ફાટીને જાય હેતે ૨૦

વંદુ માટે સહચર તુને વિરહ વ્યાકુળ થૈને
જાવા કાજે મમપ્રિયભણી દૂતનું કાર્ય લઇને
માટે ગ્નાતા પરમ પ્રિયને પર્ગજુ મિત્ર મારા
માથે લેતું સુહૃદય અરથે દૂતનું કાર્ય તારા ૨૧

રસ્તો તારો વિકટ બહુછે તે થકી રક્ષણાર્થે
લીફાફાનું બખતર રૂડું લે પહેરાવું અંગે
મારૂં મુદ્રા મુજની પ્રિય હું હેતથી જાણુ તેમ
રક્ષા માટે કરૂંછું સહુકે પોંચ તુ સધ ક્ષેમ ૨૨

નાનારંગે તુજપરવળી પુષ્પવેલી બનાવું
જાણી લેવા દુત મુજતણો શુભ નિશાન આતું
વિરહાવસ્થા મુજની કળવા પ્રિય હું રંગુ તુને
પીળારંગે વિળચટ કર્યો પ્રિય પ્રેમેછ મુને ૨૩

ચેષ્ટાચાળા હૃદય મુજનું પ્રેમ ઘેલું કરે ને
આળેખું તે સરવ તુજમાં નાગણું ભેદ લેશે
જાણી તુંએ મરમ મુજનો રાખશે તેવી પેર
જૈને કેજે સરવ રૂચતું પ્રિયને પેરપેર. ૨૪

દક્ષિણેતું જનમી ઉછર્યો ને જતું ઉતરેછે
કાર્યે મારા સમજ કહુ તે લક્ષ દેવું ઘટેછે
કેકયાં, ક્યારે, કયહીંથી, કયમ, ને જાતુંછે પાસકોની
જેશું કેતું, વળી મમ પ્રિયા ઓળખી કેમ લેની ૨૫

પૃથ્વીમાં જે પ્રસિધ સઘળે યુદ્ધ કૌશલ્ય માટે
વિદ્યા દ્રવ્યે હુનર અદકે વૈભવે ને કળાએ
ક્ષત્રીઓને અવર સમયે ને વળી આ ઘડીએ
રાજ્યે શોભે અધિક ભભકે અન્ય રાજ્યો વિષેજે ૨૬

રે' તારે' જ્યાં નૃપ શુર વિરો રૂષિઓ સૌથી બેશ
ધાર્મીકોને ભકત હરીના મોટ મોટા વિશેષ
યાત્રાર્થે છે તિરથ બહુ જ્યાં રમ્ય ચીત્રકુટાદિ
સંદેશાર્થે વિચર પ્રિય જમા સૂર્યવંશીની ગાદી ૨૭

વિહ્વાગ્નિથી કમળ નયની ભેદ છેદે કૃશાંગી
થૈ ત્યાં રે' છે રૂધિર ઉડવે અંગથી પાન્ડુ વર્ણી
ગાળે વેઢે દિવસ ગણીને દુઃખના સંગમેસ્હુ
આશા રૂપી જળજ સિંચને પ્રિતડી વેલીને તું ૨૮

વાલા મારા. સ્વભૂમિથકી હું દુર જોને પડેલો
છે ન્હેતારા સમઅહીં મને મિત્ર કોઈ મળેલો.
ને જ્યાં તું,ને પ્રભુવિણુ નથી સાહ્ય આ કામ માટે
મૂકું ખોળે શિર હું નમીને આશ કે તું જીવાડે ૨૯

તે સાથેછે પતિજ મુજને જોઇ ઔદાર્ય તારૂં
કે તું કરશે દુઃખ ન ગણતાં કાર્ય નિર્વિઘ્ન મારૂં
શીળા શૂરા પ્રમુખ જનજે પર્ગજુને ઉદાર
જાતે દુઃખો સહી સુખકરે અન્યને છે અપાર ૩૦

વર્તુછું હું વદન પરનું કૈંક દેખાય ગ્લાની
મારે કામે જુદાઈ તુજને રે થતાં તું પ્રિયાની
અર્જાયો હું તદપિ કહુંછું વિર્હ દુખે ઘણેરા
આશિર્વાદે વિચર વિજયે દેવને દેવિ કેરા ૩૧

આણી પાજો શુકન તુજને હર્ણને ચાસઆપે
વામેથી સૌ જમણી તરફે માર્ગ જૈનેજ કાપે
રસ્તે જાતાં વળી પ્રિતથીજો વૃંદ ગૌવચ્છ કેરાં
ને ટોળાંઓ ખગચરતણાં ચામ્ય ચારા ચરેલાં ૩૨

લેતાં તાળી સ્મિતથી પ્રિયની વાત એકેક સાથે
કર્તી જાતી ગજની ગતિએ યોષિતા પાણી ધારે
કુમારીકા સહિત પળતી સ્ત્રી લઇ ધાન માથે
એવાં રૂડાં શુભ શુકનથી થાતુ વિદાય થાન્યે ૩૩

સંધ્યા કાળે જઉંછું પ્રિયતું છોડીને પ્રાણ પ્યારી
જાતાં તેથી નિરખ નજરે ભૂલીલા વિર્હવાળી
વૃક્ષો પત્રો નવલ ફુલડાં ખીલવાનું તજીને
કરમાતાંજો સૂચન કરતાં બિહનું વીરહીને ૩૪

પશ્ચિમે જો સૂરજ ભણીતુ આભરાતું જણાય
દર્શાવે તે રવિ શું પણ એ કામ આવેશ થાય
સંકેતસ્થલે સમય મળવા પ્રેમીને પ્રેમી જાય
તે વેળાએ અલસ ગતીને અંગ તો ઉષ્ણ થાય. ૩૫

વાતો પ્યારા વિજય નૃપની જેમ લૈ રાજ લેછે
ને પોતાના તખત પરનો દાબતે દાખવેછે
જેથી રાજા નગર નિજનું દે થઇ માન ભ્રષ્ટ
એવી રીતે પૃથવી તજતો આ રવી પામી કષ્ટ ૩૬

સૂર્યાસ્તેજો ચકવી ચકવો બેઉ જૂદાં પડેછે
બીજી પાસે શશધર ઉગે જો ચકોરી ચડેછે
એવી રીતે અગણિત લિલા ઈશની વિશ્વમાંછે
ફર્તા ફર્તી સુખ દુખ સ્થિતિ એ રીતે ભાવીમાંછે ૩૭

આવેછે જ્યાં ફરતી ફરતી કર્મ સંજોગે ફેરી
સૃષ્ટીમાંહી ચડતી પડતી થાયછે સર્વ કેરી
ઉંચા નીચી પદવી સહુની કર્મ યોગે કરેછે
એવા લાખો અખિલ જગમાં જો બનાવો બનેછે ૩૮

તોએ માયા નથી તજી શક્યું સૃષ્ટીમાં કોઈ પ્રાણી
દા'ડે દા'ડે નવિન મમતા રે ચિત્તે જો ભરાણી
આયુદોરી જગની વિભુએ રાખીને નિજ હાથ
બેઠાંબેઠાં વિવિધ નચવે નાચ ત્રૈલોકયનાથ ૩૯

આવ્યો કિંતું દુખથી બચવા યાચવા કાજ જ્યારે
આશ્રીતોને વિઘ્ન કરવું છાજતું ના લગારે
લૈને દીક્ષે સરસ ગુણુને સાહ્ય થઈ પ્રિય મુને
જાને વ્હેલો વિનયથી કહુંછું તું કૃપાળુ થઇને ૪૦

રેરે આવે અવર જનતો આ વસંતેજ ઘેર
લેવા કાજે વિવિધ સુખડાં પ્રિય શું પ્રેમભેર
જેવી રીતે ગરિબ ચકવો પ્રેમી પ્રિયા તજેછે
મિત્રાર્થે તું વધુથી વિખુટો તેવી રીતે પડેછે ૪૧

દર્શાવેછે ભલપ તુજની મિત્રતા ધાડી તેમ
સૃષ્ટીમાંછે સુજન જનનો સૌખ્ય દાઇજ પ્રેમ
રે' શે તેથી અમર તુજનું નામ ત્રૈલોક્ય માંહી
જાતું પ્યારા ઉલટ ધરીને માર્ગ દેખાડું ત્યાંથી ૪૨

પ્યારા જાતુ પ્રથમ હિંડતાં સાગરી પૂલ અહીંથી
શોભા જોતો રમણિયતટે ઇશ્વરી તું ખુશીથી
ફર્તાં પ્રેમી શિશુકર લુબ્ધ વાટિકામાં ઉલ્લાસે
ગાતાં ગીતો કંઇક રમતાં દોડતાંજો ખુલ્લાસે ૪૩

જ્યોત્સનારૂપી રજતધવલા સાડીજો ભૂમિ પે'રે
સ્વચ્છામ્બુના અમલસરમાં બાળ વારીજ ખીલે
અમ્બુલ્હેરો વિરમતિ જહીં ઘાસમાં શીણુવાળી
જાણે હોએ ભુવિપર પડી વ્યોમ ગંગા રૂપાળી ૪૪

ચાલ્યે ચાલ્યે કટિથી સરતાં મેખલા માનુનીના
બંધારોહે લથડી પડતી તોય સાહેલીયોના
ઝીલે છાંટા કુમળી કુમળે પદ્મને કેતકીની
વારી ક્રીડા નિરખ નજરે એવી ત્યાં યુવતીની ૪૫

બે બાજુએ સરતટવિષે હંસપક્ષી રૂપાળાં
બેશીતર્તા ખુશીથી ઉડતાં સ્વિતપાંખે સુહાતાં
ધેનુવૃંદો ચરીરહીજહાં જાય પાણી પીવાને
એવાં રસ્તે રમણિયસરો મા ભુલે નિર્ખવાને ૪૬

નિજામોનું મુશિનદિપરે હૈદરાબાદ શૈર
મોટું રૂડું ભરત ભૂમિમાં રાજ્યછે ઈશિમ્હેર
જેમાં મોટા ધનિક અમિરો પારવિના વસેછે
ઇસ્લામીની મસિદ બુરજો સ્વર્ગ સામે હસેછે ૪૭

દિસે મોટું અતિશય રૂડું બ્હારથી તો વિશાળ
રસ્તાનાના ગલિચ અતીશે માંહી જાતાં જણાય
બાકી મોટા ધનિક વસતા જ્યાંહી વ્યાપાર સારો
ચાલેછે જ્યાં ગરિબ જનનો સારી રીતે ગુજારો ૪૮

પ્હેરે ઓઢે વસન નવલાં ઝીકને તૂઇનાં બ્હો
જેને જેવાં અધિક ગમતાં બાળ સ્ત્રી પુરૂષો સૌ
ઇર્ષા આંખે લગીર પણના પ્રિય દેખાય કો માં
સર્વે વાતે અમિજ ઠરીછે બાળવૃદ્ધાદિકોમાં

ભારે શોભા વરણી ન શકું રાજ્યમેહેલ કેરી
જેમાં રાજે નૃપવર અને સર્વ કુટુંમ્બ લ્હેરી
પામ્યા પોતે ૧વસુ૭શ્રુતિ,૪મુનિ ૮ચંદ્રની ખ્રિસ્ત શાલે
અંગ્રેજોની પરમ પ્રિયતા તેથી-સૌ લોક મ્હાલે ૫૦

જોતો એવું પ્રિતથી પળશે માર્ગમાં પ્રિય જ્યાંતુ
સામી બાજુ નજર પડશે રંગ નાના વિધે ત્યાં
હર્મ્યો મોટા ગિરિ ઉપરના રમ્ય તો તે સ્થળેથી
જોશો જાણે નભશું મળતા શોભતા દ્રષ્ટી એથી ૫૧

આઘે કિલ્લો મજબુત ઘણો યુદ્ધકાજે કરેલો
ઇસ્લામીએ અરિની બીકથી જે ખજાનો ભરેલો
જો તુ આજે જીરણ સ્થિતીથી તેહ તુટી પડેછે
હીરાખાણગો પ્રથમ હતીત્યાં એમ સૌકો કહેછે ૫૨

હીરા મધ્યે પ્રથમ સહુથી પંક્તિનો જે હીરોછે
તે એ તારી પુનિત ભુમિના ગોલકાંડા તણોછે
જેને ઇચ્છે નિજ મુકુટમાં સાર્વભોમ્યો રૂડેરા
શોભે તાજ્યે રવિ સમ રૂડો કેસરેહિંદ કેરા ૫૩

જાતાં જાતાં તહીંથી નજરે જો વરંગુલ ભારી
દ્વારે જેને બુરજ દ્રૂતના કાંગરાને કિનારી
આકર્ષાશે તુરત તુજનું ચિત્તને એમ થાશે
કે ક્યાં ભોગે સુખજ તજીને જાઉંછું હુ પ્રવાસે ૫૪

લેતો ના તું મનશું પ્રિયહે ખ્યાલ એવા અનાડી
જાણી તારી દૂતની ફરજો માર્ગ લેજે અગાડી
દેખાવો એ સરવ બનીયા બુદ્ધિએ માણુસોની
ને લીલાછે ઉત્તર દિશમાં તો બનેલી પ્રભુથી ૫૫

માટે વાળી મનડું તુજનું ચંદ્રજ્યોત્સ્નામહીંયે
જાતાં લેતાં રમુજ વનની મૂકજે રામગઢને
જેથી ખુટે ગમન કરતાં પંથ તારો રૂપાળો
ને સંદેશો વિરહી પ્રિયને આપું તું આ સુખાળો ૫૬

થાએ જેથી નવિન રીતનું લોહી વે'તું નસોમાં
પ્રીયાકેરી શિથિલ થયલી જોર આવે રગોમાં
વિહાવસ્થા વિકટ ઘણુંછે વેઠી તેને જણાએ
જેને ન્હોએ અનુભવ કંઈ તેહથી ના કળાએ ૫૭

બાલ્યાવસ્થે કિરતી મુજની સૂણીને રાગીણીથૈ
રાગે મારે દુઃખ કબુલીને સુખીણી દુખીણીથૈ
સંકષ્ટોરહે પરણી સગુણી ભાગીણી માહારીથૈ
સુખીસ્થાને વિરહદુઃખ રહે વ્યાધીએ મુજને રૈ ૫૮

જોજે જાતાં તહીંથી સડકે તારનાં દોરડાંછે
સ્તભે કોર્યા ધવળ હરફે આંકડા મૈલનાછે
જાતાં ત્યાંથી નિકટ દૂરને દૂર થાતાં સમીપ
ક્ષેત્રો વૃક્ષો નગર મનુજો પ્હાડ વાવાદિ કૂપ ૫૯

જોડાએલી ઉંચી નીચી ઘણી જેવી કે સાંકળીઓ
ઠામે ઠામે નજર પડતી માટીની ટેકરીઓ
કો કો ઠામે પૃથ્વી પરજો ફાટને ધારવાળા
ન્હાના મોટા ડુંગર પથરો હાર માંહી પડેલા ૧૦

ને જોજેતુ પ્રથક શિખરો શૈલનાં શામ પ્હેલાં
વેરાએલાં અહીંતહીં વળી માટીનાં બાજુ કાળાં
લાંબેપંથે શ્રમિત થઉંતો વાડીમાં તું જઈને
હિંચીત્જોત્રને શિતળશશિની બેશી વિશ્રામલેને ૬૧

જાજે જોતો ભવન સઘળાં હારહારે વિશાળ
ધરિપતાળો વળી બહુરૂડી છોકરાંની નિશાળ
યાતોનારે પણુતું પ્રિયતું ખોટી ન્હોલાવીવ્હાલ
લેજેરસ્તો કંઇક ધરીને આ દુ:ખીનોજ ખ્યાલ ૬૨

યુવાવસ્થે કુદતીકુદતી ગંગ ગોદાવરી જે
હીંડતીતી ગ્રહણ કરતી માર્ગમાં જે મળેતે
વર્ષા જાતાં ત્વરિત નિજનું વેહવું જે તજીને
ધીમેધીમે પ્રિતથી ઉતરી યોગુગી ગંગનેએ ૬૩

સંધ્યા પુજા કરી વિચરજે એ નદીને કિનારે
શુદ્રાદિની વરણુ મહીના જેથી પ્યારા ગણુારે
પૂજા કીધે પ્રભુભવ તણાં પાપ ફેડી દીએછે
પ્રેરલોખું દ્વિજવરતણો તેથી એવું ઘટેછે ૬૪

રસ્તે જોજે મરિબ જનનાં ઝુંપડાંને ઘરોના
બાંધ્યા ઘાટો અજબ રીતથી કોતરી પત્થરોના
પાકે ઝાઝા કઠિન પથરા શીરપુરી ધરામાં
આવે કામે ઘટિત રીતથી ભીંતને છાપરામાં ૬૫

માર્ગે આવે વિચર મૂકીને રમ્ય એવી પુરીને
રમ્યારણ્યો— મહિ પ્રભુલીલા નિર્ઝરો સૌ ફરીને
જાએછે તું પ્રિય નિકટમાં રમ્ય વર્ધા નદીની
ખેડાતીને સુધરતી જતી નિર્ખજે ભૂમિ ત્યાંની ૬૬

પત્રો વાળા ચૂતતરૂ પરે પીક મ્હોએશી બોલે
તેના રાગે ધ્વનિત થયલા માર્ગની લ્હેર તોલે
જોયું જેતે થકી અધિક સૌ આવશે સારૂં સારૂં
જોતો પંથે પ્રિય વિચરજે ક્ષેત્રને ધાન્ય ચારૂ ૬૭

પ્રત્યાઘાતો તરૂમહીં થશે શબ્દથી પક્ષિઓના
લક્ષે આવે વનપતિતણાં ગાયનો લક્ષીઓના
જોતો એવું ગમન કરશે આગળે પ્રીય જ્યારે
દેખા દેશે રમણિયતને દૂરથી ધામ ત્યારે ૬૮

સહ્યાદ્રિની રમણિયસખે એક શાખા રૂપાળી
જેને કેછે પથિક જનસૌ ચાંદવડની તળાટી
ઉંચી હોતાં રમણિય અતી ટોચ એની તુંધાર
ખેંચે હૈયું પથિક જનનું છે વળી સુખકાર ૬૯

એવા ન્હાડે ગરમી સમયે લોક ઝાઝી પુરીના
શાંતી કાજે શિતળ સમિરે ખેલખેલે મજેના
મોટાઓને અવર જનત્યાં જાયછે પતિ સાથે
માણેછે જે અતિશય સુખો ટેલીને ચાદ્રીમાથે ૭૦

દોડાવેકો તુરંગ અતીશો ગાડીમાં જોડી જોડ
ને કો બેશી ખુશીથી ફરતાંપૂરતા ચિત્ત કોડ
કોકો ઘોડે નિજની પ્રમદા બાળ સાથે ચડીને
દોડાવાને ગરિબ પશુને માર મારિ તડીને ૭૧

મૂકીને તે પરવર પ્રિતે મનમાં હોંશ આણી
હિંગણુ ઘાટે પ્રસિધ સ્મતીજે પાયરૂ માંટ જાણી
જાએ ના ત્યાં ખરીદ અરથે વેહપારી બનીને
રૂના માટે ગમન કરજે રેહવાનું તજીને ૭૨

જોવાનું ત્યાં ઘણુંજ ઉમદા છે પ્રિએશું કહું હું
બાગો મ્હેલો જીરણ નવલા જાતે જોતે સહુતુ
ખ્યાલે રાખી નિકટ મુજનો સ્નેહ હે મિત્ર મારા
કુલાંટીને લગિર તહિંથી જાતુ માર્ગેજ તારા ૭૩

રસ્તો છેના તહીં તુજ તણો નાગપૂરી જવાનો
જાજે જોતો નવિન રચના ઓગરીની તળાવે
પૂર્વે પ્યારા નગરી હતીએ ભોંસલે રાજધાની
ઘોતી માટે ઘણીજ જગમાં જાણીતીછે પુરાની ૭૪

રસ્તે જોજે પરમ પ્રિયતુ પાણીની હોય ન્હેર
જોતાં તેનું હૃદય તુજનું પામશે ખૂબ લ્હેર
વ્હેતુ પાણી ત્વરિત અતીએ પ્રિય જ્યાં શોર કર્તું
તે મચ્છોથી સલિલ ઉડતાં રંગ રૂપેરિ ધર્તું ૭૫

મ્હોની શુદ્ધિ કરીતુ તહિંઆં કાફિ ચ્હા ખુંદવાતો
તેમાંથી જે અનુકુળ તને હોય તે લે પીવાતો
મેવા આદિ અવર કંઇએ જોઇતુ હોય તારે
લેજે તેનું ગમન કરતાં પાંથ પાથેય ભારે ૭૬

વેચે કોકો યુવતિ મળીને લોક લોભાવવાને
ચેતાવુંછું દઇતું પ્રિયરે ભાવ ત્યાં આપવાને
ન્હેતો લેશે કિમત કરતાં ભોળવી ભાવ ઝાઝો
ધીરે ધીરે મધુર વચને બોલી રાખેન માઝો ૭૭

લોભાતોના લગિર પણતું જોઇએવી સ્ત્રીઓને
ધારી નીતિ વશ તું પ્રિયહે રાખજે ઇંદ્રિઓને
નીતિ કર્તાં કિમતો કંઇએ આ ભુમીમાં નથીએ
આજ્ઞા માંહી પ્રથમ ગણજે ભ્રાતતું ઇશ્વરીએ ૭૮

ખડ્ગો, તોપો, ગુપતિ છરીને બંદુકો જ્યાં ઉડેલી
ભાલાં, બાણો, બરછિ તણીજ્યાં ન્યુનતાના રહેલી
શૂરાઓનાં શિર રૂધિરની જ્યાંહી બોળો ઉડેલી
યુદ્ધો થાતાં કપઇ મરતાં ભૂધડાએ ભરેલી ૭૯

નાથો—યોદ્ધા સહુ લડી મુએ વિધવા કૈં થએલી
ને માતાઓ કુલિન મરતાં પુત્ર પાખી પડેલી
તાતો ભ્રાતો ભગનિ રડતાં યાદ તે લાવીલાવી
સીતા બલ્દી ડુંગર તણીતું ભૂમિજો ત્રાસવાળી ૮૦

જોતાં ભૂએ કંઇક નજરે શોક તને થવાનો
ત્યાગી તેજો ડુંગર દુરતું શોભતો સાતપુડો
રસ્તે ત્યાંથી સુણુ પ્રિય સખે ઉત્તરેછે જવાનો
લીલાકેરો પૃથવિ મહિંછે પાઠ ત્યાં શીખવાનો ૮૧

સહ્યાદ્રીથી સરસ દીપતો એહતોછે અપાર
જોશે લીલા પ્રભુ તણી તહીં તું અલૌકિકધાર
જેથીગ્લાની સરવ દુજને યુદ્ધ ભૂથી થએલી
જાશે ઉડી હૃદય મહીંથી જે વિચારે ઠરેલી ૮૨

આવે રૂડી સરિણી અહીંથી શીવણી શે'ર કેરી
શોભાવાળું અદભૂત અને ગૌડ લોકોની વસ્તી
ત્યાં જોવાનાં સ્થળ મન ગમે નિર્ખંરા પર્વતે તે
જોજે પ્યારા .ગમન કરતાં સ્થાનકો સર્વ તેતે ૮૩

રાતાં પીળાં વિવિધ કુસુમો વાસવાળાં રૂપાળાં
અદ્રિ શૃંગો મહિ રૂહ વડે છે લીલા રંગવાળાં
જાણે ઉભાં કરગ્રહી ફુલો વર્તુળાકાર અર્ધ
દેવા માટે અહીં મદનને આ વસંતોત્સવાર્ઘ ૮૪

ટોચે ટોચે ગિરિ ઉપરજો પર્ણકુટી દિસેછે
ત્યાં આવીને તપસિ મુનિઓ. ગ્રીષ્મ કાળે વસેછે
ઉંચી ઉંચી ટુક ગગનમાં ગાજી જેની રહીછે
મા' દેવે ને અમર કટકે રમ્ય લીલા ગ્રહીછે ૮૫

શોભાવાળી વળી નિરખજે ટેકરી વૃક્ષવાળી
નાના વિધિ નજર પડતી ફૂલવાળી રૂપાળી
છાએલી છે ડુંગર પરને વનમાં ભાત ભાતે
દેવા કાજે મદન શું પ્રિતે આવકારો વસંતે ૮૬

તું ત્યાં જોજે વન કદળીને આમ્રવૃક્ષાદિ તાજાં
ને કો ઠામે ગિરિથી ઝરતાં વારિનાં ઝર્ણ ઝઝાં
મધ્યે ઉંડાં જમિન તળીએ સર્વ ઝર્ણા મળીને
ચાએ મોટાં સર નિરમળાં ઠામ ઠામે ઠરીને ૮૭

જ્યારે જાશે સહુ ઉપરની ટેકરીએ તું પ્યારા
જોશે ચારે તરફ સઘળા પર્વતો ઓળવાળા
વાશે વાયુ શિતળ હલકો મંદ સુગંધ વાળો
તારે અંગે અસર કરતો મેઘને ભેટનારો ૮૮

કોવેળા ત્યાં ધુમસ પડીને શિખરો ઢાંકી નાખે
કાર્યો માટે જનસહુ તહીં દિવસે બત્તી રાખે
સાયંકાળે ગગન ચડીને આવતી વાદળીઓ
આકાશે જે પ્રસરી સઘળે જાયછે વાગલીયો ૮૯

અન્નાસો કદળિ ફળને ફારસાં આમ્રહોશે
વેચંતાં ત્યાં ઋતુની મળતી વસ્તુઓ ત્યાં તું જોશે
વેગે લેજે અહિંથકી હવે માર્ગ આ ડુંગરોથી
ધીરે ધીરે ભૂમિ ઉતરતો જો ભરેલા ઘરોથી ૯૦

પાછું વાળી નજર કરતાં ભવ્ય એવા ગિરીની
ટોચે દીસે ગગન મળતી વાદળીઓ કરીની
અમ્બુ લ્હેરે કિરણુ પડતાં કૈં પરાવર્તનોથી
આપે વર્ષા વિજળી ઘનની યાદ ઘાઘોરડાથી ૯૧

ઝાઝે જોરે પવન ફુંકતો હાથમાં રાખી કાબુ
ઉડાડંતો તરૂવર તણા પત્રથી ઝાકળામ્બુ
સામે રસ્તે વળી ઉતરતાં બેઊ બાજુ તણાં સૌર
ઝુલાવંતો તરૂ ઝડપથી નાંખતો વાયુને બ્હો. ૯૨

જાતાં નીચે અતિશય ઉંડી જોઇને ખોયણોને
સાનંદે તું પ્રિતડી ધરીને પૂછશે સાથીઓને
કે શું કીધા ગગન ચઢવા માર્ગ પાતાળમાં આ
જાતાં હોશે કદિય પણુ કો' ભાનું કિર્ણો મહીંઆ ૯૩

ઘાડી ઝાડી નજર પડશે માર્ગ માંહી થયેલી
ચિત્તે રિંછે હરિણુ વરૂને દીપડાએ ભરેલી
વ્યાઘ્રો વા'રા ચમન કરતાં ગર્વથી ત્રાડ મારે
ગાજી ઉઠે પૃથવી સઘળી એહનાદોથી ભારે ૯૪

હિમંતાંતાં શિખરપરથી ગામડાં છેક છોટાં
નીચે આવી પછી નિરખતાં લાગશે ખુબ મોટાં
જે છાએલાં સરવ દિશથી રમ્યવૃક્ષો થકીછે
નાના વિધિ ઉપવનતણી સૌભાગ્યાંત્યાં ટકીછે ૯૫

વાયુ પાડે વિવિધ રિતનાં સર્વફુલો ફળોને
ઝુલાવીને અધિક બળથી ડાળને ડાળીઓને
દેખાડતો મનુષ્ય સહુને દ્રષ્ટીએ ઓળખંતે
જાણે આપે અરથ ખુશીથી કામને આ વસંતે ૯૬

શુકોમેનાં રૂતુની મહીંતે ખાય તોડે ફળોને
આંબાવૃક્ષો—તણી મૂકી મઝા શુંકરે બાવળોને ?
બેસેછે જો સમિપ જઇને પાંખશુ પાંખ દેઇ
કાંતોપ્રીતે મુખશુ મુખની ચાંચમાં ચાંચ લેઇ ૯૭

કાંતો કર્તા નવિન રીતના પોત પોતે વિહાર
ને બોલતાં વચન પ્રિતનાં હર્ષથી વાર વાર
એવાં કે જે વિરહિ જનતો સાંખતાં ના પરાણે
ને સાંખેતો ખચિત વદશે મનમાં આ પ્રમાણે૯૮

રૂતુઓનો નૃપતિ સહુકે સુખકારી વસંત
ત્યારે ભુંડા વિરહ જનનો શીદ લાવેછે અંત
છાજે છે શું લગિર તુજને ઋતુ રાજા બનીને
પક્ષા પક્ષી કરવી પીડવા વ્હેરી વ્હાલાં કરીને ૯૯

જાજે ત્યાંથી પ્રિતથી પ્રિયતું નર્મદા મોક્ષદાઇ
જેને રેવા ભગત જનકે આકુળી કાળ માંહી
ભાનુ કિર્ણે ઉદય સમયે શીખરે ને કમાડે
દેવસ્થાનો ઝગમગી રહ્યાં એનદીને કિનારે ૧૦૦

વારે વારે રવિ ઉદયની વાટ જોઇ અથાગ
નદ્યોત્સંગે રજની વિરહિ ગાળતાં ચક્રવાક
ને ભેટાર્થે હરખ ધરતાં સૂણુતાં કૂટોના
તીણુા શબ્દો કંઇક દૂરના ને વળી શેરમાંના ૧૦૧

ભ્રંગો છૂટ્યા સૂરજ ઉદગે પદ્મ બંધે પડેલા
ક્રીડા કાળે યુવતી અલકો બંધ છૂટા થએલા
જોને આવે શયન ગ્રહથી ડોલતી મંદમંદ
સ્નાનાર્થેજો અમિતપળતી ચાલછોડી સ્વછંદ ૧૦૨

પૌરસ્ત્રીકો શુચી પટકુળો જાયજો પ્હેરી ન્હૈને
દેવસ્થાને પુજન કરવા ગંધ પુષ્પાદિ લૈને
સંન્યાસીઓ જળ ભરી ગ્રહી દંડને કાષ્ટ ઝારી
પથેજાતાં વળીનિરખજે બ્રાહ્મણો ભસ્મધારી ૧૦૩

જોશે એવું ગમન કરતાં તાહરે જાણુશેતુ
સર્વે રીતે અધિક સુખડું આસ્થળે માનશે તું
આ ભુમિછે જરૂર ચડતી માહરા દેશનાથી
ને વસ્તીએ રૂપગુણ મહીં થૈશકે નાંહીં સાથી ૧૦૪

રેવા કાંઠે તીરથ અતીછે જો જતે તું પ્રવાસે
જોતે ભોકો હરહર કહી નર્મદા માંહી ન્હાશે
જાએછે જ્યાં સમુહ જનના ધામ પ્રાચીન જાણી
યાત્રાર્થેને મુકી દઇ જવા ભુતપ્રેતાદિ ત્યાંહી ૧૦૫

જોતે તર્તાં નવિનરિતથી પુરૂષો બાળકોને
સર્પાકારે પીઠશું પળતી ચોટલા ચોટલીને
પ્યારા જાણે તરવું ખુશીથી ત્યાંહીના સર્વલોક
ભાગ્યેહોશે સકળ સમુહે અજ્ઞ એથીજ કોક ૧૦૬

જાણીતો જે કબિર વડ તે નર્મદાતીર પ્રૌઢ
પ્યારા જેનું થડ ન જડતું મૂળછે તેમ ગૂઢ
અર્થેનાવે ઘણુંજ કહુંતે તુજને પ્રિય આંહી
જોયાવિના સરવ સ્થળએ ઉતરે મન નાંહી ૧૦૭

પ્યારા જાણે અથથી ઇતિતું પ્રેમઘેલાં કરેશું ?
વિર્હાવસ્થે ગરજ સરવા સ્વાર્થિઓ આદરેશું ?
ના ઉચ્ચારૂં વરણુ અહીંઆં મૂર્ખતા હું બતાવા
જાતુંપ્યારા તહીંથીજલદી મુજનેસાથ થાવા ૧૦૮

રેવા રૂડી પુનિત સરિતા ઉપરે લક્ષ દેતું
ત્યાંથી જાતાં જલજ પરને વાટમાં નીરખજે તું
છેજે મોટું પ્રસિદ્ધ શીખીરે એકલું એક શેર
થાયેછે જ્યાં નવિન રૂઢિએ કર્યએ નાહી ફેર ૧૦૯

જોવાના ત્યાં શુણુ કહુંપ્રિયે બાગ મ્હેલો નિશાળ
રસ્તા ચોરા નગર વચમાં સાફને છે વિશાળ
જોતો જાજે નજર કરીને પ્રાણીઓ ત્યાં રૂપાળાં
જોનેપ્રિતે વિવિધ રિતનાં જે ન બીજે નિહાળ્યાં ૧૧૦

લોકો વસ્ત્રો કિમતી નવલાં ને ઝીણું પ્હેરનારાં
પ્યારા પ્રેમી ઉપર અતિશે પ્રેમનાં રાખનારાં
કો દામે જઇ અનીતી કરતી યુવતી પ્રેમ ચાળા
તોતુ ત્યાંથી જલદી પળજે ઉગતી મુછવાળા ૧૧૧

યુવાવસ્થા મહીં ઉછળતા ફાંકડા બહુ ફસેછે.
જ્ઞાતા ભૂલ્યા નીતિ વચનને કો અનીતિ કરેછે
જાવાકેરૂં સમજ નહિત્યાં કામતારૂં નીતિજ્ઞ.
જોતાંએતું દુખજ ઉપજે સત્યન્યારૂં રીતિજ્ઞ. ૧૧૨

માટે પીને ગરમ મીઠડી ચાહ ત્યાં દૂધવાળી
જાજે પ્યારા હરખી મનમાં માર્ગ સિદ્ધાંતુ ઝાલી
નીરાં વારી મહિનદિતણાં મિષ્ટ આનંદકારી
વહેતાં જોઇ મનડું ઠરશે વાટછે સુખદાઇ ૧૧૩

જાશે જ્યારે તહિંથી પ્રિયતું ભાળશે ખુબીભારે
દેખાશેતે વિવિધરિતની ભૂમિ વિંધ્યાચળેરે
ચારે બાજુ નજર કરતાં ખેતરો ધાન્ય કેરાં
કે લીલાંને સુકઇ ગયલાં ઓઘલાથી ભરેલાં ૧૧૪

અંભોજોની દળિથકી ઘણા ભ્રંગ ઉડાડી જોતો
વાશે વાયુ તુજ ગમનથી પુષ્પ વાસે સુહાતો
લોડલોટી મૃગ શિશુકરો દોડતાંને રમતાં
માર્ગેજોજે પરિચિતયુથો ત્યાં મૃગોનાં ફરતાં ૧૧૫

ધાન્યોખાવા વિહગ પડતાં ખેડુ લોકો ઉડાડે
ધાન્યો કેરા કણઢગ વિષે ચાંચ જ્યાંના ખુડાડે
ફેંકેછે ધા બણણુ કરતો ગોફણો ઠામઠાંએ.
નાશીજાએ સ્વશુભિપછી થાયના એકઠાંએ ૧૧૬

કોકો ઠામે લુગડું કરવે હુડહુડો પુકારે
નેકો હાથે ઉંચકી ઉંચકી કાંકરા જોની મારે
કોપાવાને·કરસણ પ્રિતે કોસ જો ફેરવેછે
કોક્યારાને જળથી ભરવા પાવડો ફેરવેછે ૧૧૭

નીધારેવા નિજ જમીનમાં ચાડીયા મૂકતાજો
શક્તિહીણા સુરખ નૃપતિ કેરો સારૂપ્યતાજો
બાંધી ભારા કૈક જનને દેખશો ઘેર જાતા.
ખાતાં તેને બળદ પશુઓ થાયછે પૂર્ણમાતા ૧૧૮

વૃક્ષો રૂડાં કંઇક સ્થળમાં આંબને આંબલીનાં
મૌડાં, ગુંદી પિંપર વડને જાંબુડાં, બોરડીનાં
આસો, રાણ્યો પિલુડી વૃખડી ખાખરા પીપળાછે
એવાબીજાં તરૂવરતણી માર્ગમાંહે લીલાછે ૧૧૯

નેં ત્યાં પ્યારા નવિન વિધનાં પક્ષીઓ જો રૂપાળો
જેને જેવાં[1] પ્રસન પડતાં વૃક્ષની મૈત્રીવાળાં
માળા બાંધી ભયવિણુ જહાં રાત વાસો વસંતાં
ને વેળાએ વિવિધરિતનાં રાગ તેઓ વદંતાં ૧૨૦

ઠામેઠામે મધુર સ્વરજે કાન તારે પડેજે
દરસાવેછે ઋતુવરતણી ભવ્ય સ્વારી ચડે તે
રસ્તે જાતાં ઝડપ ધરીને વાટમાર્ગું નિહાળ
સાથે તેની બઈરી પળતી કેડમાંધાલિ બાળ ૧૨૧

જોતો એવું પ્રિતથી પળજે શેર રેવા ભણીતુ
જાણીતું જે સકળ ભૂમીમાં પુર્વ કાળે પનોતુ
શોભા વાળું સુહ્રદ ગણુંહું મોહ તુને પમાડે
વિયોગીનો સરસ રીતથી વિર્હતેતો સમાડે ૧૨૨

ચાલ્યોછો તું તરૂણી તજીને તેથી ઉદાસ હોશે
ઉદાશીએ સકળ ટળશે શેર આ રૂડું જોશે
દેખાવોછે હ્રદય ગમતા શાંતીને આપનારા
તેતું જોઇ ત્વરીત પળજે માર્ગઓ મિત્ર મારા ૧૨૩

સીદ્ધે રસ્તે ત્વરીત ગતીએ ચાલજે થૈ તુરાજી
ચીત્ર કુટે પવીતર ગણી આશ્રમો ભારદ્વાજી
બાલ્યાવસ્થે વડીલ મરતાં અન્ય આધાર નોતો
માતુ સાથે નગર તજીને તેથીહું ત્યાંહી રેતો ૧૨૪

ભારદ્વાજે કરૂણુ હૃદયે રાખીઓ આશ્રમેએ
નાના વિધે વઇભવ સહું માણીયા ત્યાંહી જેણે
પ્રિતે પ્યારા અનુભવથી કૌ ગિરીએ સુખદાતા
થાતાં યાદે મનમહીં અહીં તર્ક વિતર્ક થાતા ૧૨૫

સુખો દુ:ખો અનુભવી લીધાં એ ગીરીમાં પ્રિયેમે
આવી યાદે હૃદય મુજનું ઉભરાયેજ પ્રેમે
ચાહે મારૂ હૃદય હજુએ નીરદોશી મઝાને
માણે લીજે હળીમળી રમી સમવયી છોકરાએ ૧૨૬

આહાં પ્યારા પુરવ તરફ઼ા સુર્ય જ્યાંહી પ્રકાસે
શોભા એની વરણી શકુના એવી અદભુત ભાસે
ધીરો ધીરો વહન કરતો પુંષ્પની વાસવાળો
વ્હાયેવાયુ સરવસ્થળમાં સુખનો આપનારો ૧૨૭

મીઠાં વારી નીરમળ ભળી જે હતાં ત્યાં પીવાને
દેખું નહિં લગીર મળતાં તેહને આ હું સ્થાને
ગીરીનીએ અદભુત હતી જે તળાટી મઝાની
દેખુંના એ નજર કરતાં તેથી થાય છગ્લાની ૧૨૮

કાપી કુપી અદભુત્ કર્યા વેલીના માંડવાને
કો કો ઠામે નવીન રીતની નક્ષીઓ કોતરીને
ખુબી તેમાં બહુજ કરીછે પુષ્પની ભાત ભાતે
રાતાં ધોળાં કંઈક પીલુડાં જામળી ગોઠવીને ૧૨૯

જોજે વ્હાલા તહીનું ફરતાં ઠામ ઠામેજ હોશે
રમ્યાશ્રમ્મો મુનીવરતણા બીલ્લ પુષ્પાદિ સાથે
કેશે જોઇ સ્વરગ મહીંકે ઇંદ્ર પુરી મહી હું
આ તે જોઉં મુનિવર ગૃહકે મ્હેલતે ઇંદ્રનાહું ૧૩૦

આજુ બાજુ વનતણી અને રમ્યએ ગીરી માથે
બોલે જોજે મયુર મધુરૂં ટેલીને ઢેલ સાથે
પ્રત્યાઘાતો શ્રવણ કરજે ત્યાંહી એ મોરકેરા
દોડી જાતાં વળી નીરખજે ટોળડાં તુ મૃગોનાં ૧૩૧

ઝર્ણા જોજે ગીરીથી ઝરતાં સ્વચ્છને કાન્ચનોશાં
થાતાં ભેળાં કંઈક સ્થળમાં જો પ્રિયેતું સરોમાં
વ્હેતાં જાતાં કંઈક જળએ જો બનેછે સરીતા
સ્નાનાદીજ્યાં દ્વિજવર અને અન્યવર્ણો કરંતાં ૧૩૨

એવા રૂડા રમણીયપ્રિયે ચીત્રકુટે વશીને
ગાળ્યાં વર્ષો કંઇક પ્રિતથી વેદ આદી ભણીને
જ્યારે કીધી જગત જનુની અંબીકાએજ મે'ર
રીદ્ધીસીદ્ધી સરવગયલી ચાલી આવીજ ઘેર ૧૩૩

પામ્યો પાછું ગયલ મુજનું રાજ મોટું અયોધ્યા
કાશીપુરી કુલીન કુળની મેળવી સુજ્ઞ કન્યા
લેતો તો હું વિવિધ સુખડાં સાથ રૈ તે પ્રિયાની
ભાગ્યે માંડયાં વિરહ દુખસ્હો સ્થિતિમાં દુઃખીયારી ૧૩૪

પ્રિયા કેરી પ્રિતડી મુજને પ્રેમ ઘેલો કરેછે
ઉચ્ચારી હું પ્રિતડી સકુના આસમે જે દમેછે
પ્યારા જાણે પ્રિતડી પીડજે પ્રેમ પાસે ફરયું તે
સ્વપ્નું ન્હોએ પ્રિતડી તણું તે પ્રિત શું છે ન જાણે

પ્રેમી તુ છે પ્રિય મમ સમો તેથી જાણું તુ જાણે
પ્રિતી શુ તે હૃદય ધરીને વ્હાલી હું પેર આણે
જાવા કાજે મમસ્થળભણી હોંશ તું પુર આણી
લેજે રસ્તો ગમન કરવા મીરજાંપુર જયાંહી. ૧૩૬

જાણીતુ છે સરવ જગમાં રેશમી કાપડેને
નાના વિધી ફુલ લહરની શેતરંજીની ભાતે
મૂકીને તુ પ્રિતથી પ્રિય એ રમ્ય એવી પુરીને
લેજે રસ્તો સુખદકરતા પ્રેમી મારી પ્રિયાને ૧૩૭

થોડે છેટે નજર પડશે કાશીનું ધામ રૂડુ
જોવા જેવું તિરથ અરથે દેવ દેવાલયોનુ
ગંગા વારી વહન કરતાં પાપ ફેડે જનોનાં
યાત્રાસ્થાને સરવસમયે લોકઆવે જહીંયાં ૧૩૮

થાયેછે જયાં અહર નીશજો હોમ યગનો પવીત્ર
ધંટાકેરા ધડિક ધડિએ નાદ સુણાય નિત્ય
મંત્રોચ્ચારે ઘ્વનીજ અતિશે થાયછે હોત્રીઓના
ધુંમી ધુંવા ગગન ચ્હડતા ધીસ મેધો,યવો,ના ૧૩૯

[illegible] કરીણીકા ઘાટ આદી ઘણાછે
[illegible] કરવા દેહ જ્યા કર્વતોછે
[illegible] પુજન રમ્યને ભવ્ય જ્યાંહી.
[illegible] સ્થળથી દર્શને પ્રિય ત્યાંહીં ૧૪૦

શા[illegible] અમલ કરતા ક્ષત્રી ત્યાં ચંદ્રકુળ
ધ[illegible] સુશિલ વસતા રાજ્યમાં લોક શુર
જા[illegible] કતે નગર મહીં હું નિર્ખવા ધામ સારાં
રોક તુંને સુર ગ્રહનાં વાર થાયે તહીંયાં. ૧૪૧

થાયે જેથી વીઘન પ્રિયઆ પ્રિતડી કાર્યમાંહી
જાતો દૈ લૈ કુશળ પ્રિયને આવું તુ ત્રુર્ત આંહી.
જોની આછે અધિક જરૂરી મુજનું કાર્ય આવું
માટે પ્યારા વિનવું પળતુ મુકી દૈ ત્યાંહી જાતું ૧૪૨

ગંગા યમનાં સરસ્વતી તણો જ્યાંહીછે સંગ થાય
ન્હાતાં તેમાં સકળ ભવનાં દુઃખ દારીદ્ર જાય
ત્રિવેણીના ત્રટ ઉપર તે ધામછે પ્રાગરાજ
ને જાણીતો પવીતર વળી કૃષ્ણનો પ્રાગવડ ૧૪૩

જેવી રીતે પૃથવી નૃપમાં શ્રેષ્ઠછું હું ગણાઉં
તેવી રીતે પવીતર સ્થળમાં શ્રેષ્ટ એછે ગણાયું
યાત્રા સ્થાનો મહી ભુતળમાં કિર્તિ એની અપાર
જેથી પામ્યો પદવી જગમાં રાજકેરી અમાપ ૧૪૪

અંતર્ધ્યાતો . પ્રણમી પ્રભુને પંથ લેજે અગાડી
જાણીતોછે સકળ જગમાં જે અતીગઢ પ્રતાપી
રોકાવાનું ક્ષણતદપી ન્હૈ છે પ્રિયે કાર્યતારે
લાએ પંથે સહચર જવું છે હજુ કાર્ય મારે ૧૪૫

જાતાં ત્યાંથી નજર પડશે દ્રષ્ટી મર્યાદ દુર
વ્યાપારે જે વધતુ જતુંછે તેહ સુલ્તાન પુર
શોભા ભારે અદભુત ખરે હર્ષને આપનાર
મુકી તેને પરવર પ્રિયે ગોમતીને કીનાર ૧૪૬

ઓળંગી તે પ્રિતથી પળશે જયાંહી માર્ગે તુ આગે
જોએ તારી નજર સમીપે ફૈઝ આબાદ ભાસે
હુતી જેમાં પુરવ સમયે રાજધાની નવાબી
ટંટોઘાતાં મુકીદઇજઇ શેર લખનોર સ્થાપી ૧૪૭

જોવા જેવું સબબ નથી કૈં હાલમાં ત્યાંહીં તાજું
બાકી પૂર્વે હતું નવીન ત્યાં પ્રિય જોવાનુ ઝાઝું
કાંકે હુતા ધનીક જન ત્યાં પુણ્યશાળી અધિક
મોટા મોટા વણજ કરતા મન લેતા ન બ્હીક ૧૪૮

બુડયાં છે સૌ દુ:ખદ દરીયે પાપી કાળે કરીને
ગાઓ દીનો દુસહ દુ:ખના ધારણા આ ધરીને
કે આવેછે ચડતી પડતી આ ભૂમિમાં સહુને
ફર્તા ફર્તી સહન કરવું દુ:ખ દેજે પ્રભુ તે ૧૪૯

વેણે સાચાં ફરક નહીં કૈં માનું હું મન મારે
સુણ્યે સ્થિતિ દુ:ખદ મુજની ઉતરે મન તારે
પૂર્વે એવો મમકૂળ બન્યો ના પ્રીયે કો બનાવ
તેથી લાગે હૃદય કુમકે મુજને કારી ઘાવ ૧૫૦

હું તો પૂર્વે તનુજ બળીઆ રાજ્યનો હું ટિલાટી.
તો એ ગાદી છતરપતિની મુજને નાંહી લાધિ
યુદ્ધાજીતે નિજ બળ વડે રાજ્ય દીધું પ્રતાપી.
શત્રૂજીતે વણુ વદીલઈ કૂળની લાજ લોપી. ૧૫૧

ભૂલ્યો પોતે ધનમદ મહીં નિતિનો માર્ગ રૂડો
લજ્જા લોપી મમ વધુ તણી માર્ગ લેઇજ કૂડો
રોકી જાતે લડઇ સમયે જે નહીં લેશ છાજે
બોલ્યો વેણો મદદનકરતાં તે અતિહાલ દાજે ૧૫૨

અર્થે નાવે દુ:ખદ દિવસો યાદ લાવી રડુ તે
માંડ્યાં ભાગ્યે સુખ દુખ ધીરે સર્વ સેહેવાંજ તેતે
જાણી તેવું મનડું મુજનું મારીને માનુંછું હું
દુ:ખેવેઠયું સુખડું ત્યમમેં માણ્યુંને દુ:ખ વેઠું ૧૫૩

એસું ગાવા દુ:ખડું અહીંઆં પાર પ્રીએ ન આવે
થાતાં તેવું જરૂર મુજના કાર્યમાં ઢીલ થાયે.
માટે પ્યારા વદવું તજીને વિનવું પ્રીત આણી.
જાતું આગે હરખ ધરીને દુ:ખીને દીન જાણી. ૧૫૪

વિહંગી પ્રીયા વિરહ ટળવા વિનતી જો કરેછે
પ્રેમે પુરા પ્રણુમી પ્રભુને ને વિચારો ધરેછે
ચુકી રૂઢી વધુ ધરમને પૂર્વને। દુઃખી થૈ છું
મૂર્ખી કેવી પ્રિતમ વણુ હું એકલીઅહીં પડીછું ૧૫૫

દુઃખી દારા દુઃખદ દિલમાં એ વિચારો ધરીને
રોમે રોમે રૂદન કરતી નામ મારૂં રટીને
ધિરા ધિરે ધીરજ ધરવા ધારણા ધારીને તું
દંપત્તિના ધરમ રૂચતા રૂચવે પ્રેમીને તું ૧૫૬

મારાજેવા જલદવિરહે જે લીલાથી રહીત
એટે ક્ષીણુ પ્રણુયીમમશા ને હરીયાળી હીણુ
ફિક્કા તેવા મમવપુ સમા અંગમાં શુષ્ક એમ
જો સામેથી નજર પડતા સ્વેત રેતાદ્રી તેમ ૧૫૭

પ્રાઃત સ્નાને યુવતિ જનથી જે હલાવાયલુંછે
ધોવાયાથી હૃદય પરના— લેપ રંગાયલુંછે
કર્મએલાં કુસુમ તરતાં વેણિનાં જ્યાં વહેછે
વાસે વૃંદો જળની ઉપરે ભ્રંગનાં જ્યાં ભમેછે ૧૫૮

સંધ્યા સ્નાની દ્વિજવર વડે જે સુચીછે વિશેષ
લોકો નાંખે દધી, મધુ, સુધા તેથી છે શુભવેશ
એવા વારી તણીતુ સરિતા ગોધરા નીરખીને
એધાણેએ પ્રીય તું પરખે સૂર્યવંશી ભુમિને ૧૫૯

જોતો એવું પ્રિયતુ પળતાં જોય જ્યાં પૂરલાએ
ત્યારે તેને સુરજ કુળની રાજગાદી સુએલ્હે
દુકાનોને ભુવન મહિંજો શોભતા વસ્ત્રતાક્ષ
મંદિરાદિ તણી રૂડી દિસે ઉડતી જો પતાકા ૧૫૦

રૂડેરૂંને રમણિય મહા શે'ર એ ઉતરેછે
માર્ગો તેમાં પથિક જનના અન્ય આવી મળેછે
વ્યાપારાર્થે જનબહુ મળી થાય ખુશી અપાર
જોવા જેવું સરસ રીતથી તેથી જોવાં બહાર ૧૫૧

જેથી વાધે અવર મુલકે માર્ગ વ્યાપાર કેરો
વ્યાપારીનો સમુહ પણ ત્યાં આવજાથી થએલો
હોજો, વેલ્યો, ફૅુલની અતીશે બાગમાં માર્ગથીજો
સામે ગાડી બળદ હયની વાટમાં ચાલતીજો ૧૫૨

ક્યારા નાના કંધ્કિથળમાં ફુલના જો કરેલા
ને ફુવારા વિવિધ રિતના ઉડતા પાણી વાળા
સ્તંભે વેલી ફરતી ચડતી ફુલના ગુચ્છવાળી
બ્હેંકી રે' તો પરિમળ મિઠો વાયુ છાઈ અટારી ૧૫૩

શેરી રસ્તે પ્રિતથી નિરખે ફાનસો હાર હાર
ફર્તા પ્હેરા સિપાઇ ત્યહાં જો ફોજદારી અપાર
ગાડી ઘોડે ધનિક પળના જો રૂપાળા રૂપાળા
મોટા સારા નસિબ બળિયા પુષ્ટ ને ફાંદવાળા ૧૫૪

જો જે ત્યાંનું સસર કૂપને રૂડી ભ્હો ધર્મશાળા
કોકો ઠામે નજર પડશે ઔષધો કેરી શાળા
બંધાવ્યાં જે ધનિક પુરૂષે દેશી બધુ હિતાર્થ
ખર્ચી પૈસા જગતમહીંઆ નામકીધાં કૃતાર્થ ૧૬૫

જોજે જાતાં તહીંથી પ્રિયતુ શે'ર દેખાવ રૂડો
જે આંહીના થકીજ અદકો ભવ્યતાથી ભરેલો
ચારેબાજુ રમણીય લીલા ઇશની જ્યાંહી ભાસે
જોતાંધારૂ ચીતાનુજનું તો અતિ ખુશ થાશે ૧૬૬

ભેટી પ્રેમી અધિક ઉલટે પત્નિ સુવાસ જોડે
રૂડામાર્ગે પવન ફુંકતો આમને તેમ દોડે
ઘેલાં કાઢી વસન ઉડવે યુવતિ ઝાલતાં તે
માઝા માટે ત્વરીત ગતિએ જોમરોડે વપુતે ૧૬૭

રસ્તે જોજે તરૂણી તનયા બાળજાતાં નિશાળે
ગોખંતાંને મનશું ગણુતાં કૈકતો મંદ ચાલે
વાંચતાંજો કંઇક મનમાં પુસ્તકોને ઉઘાડી
બોલંતાંકો કવિત કરવા આપ્યું તે રાગ કાઢી ૧૬૮

શબ્દાર્થો કો મુખથી વદીને શુદ્ધ ઉચ્ચાર કર્તા
કો હસ્તાકો મસતી કરતા માર્ગ માંહીજ ફર્તા
માતાઓ કો તરૂણુ શિશુને કેડ લૈ પાટી ઝાલી.
નિશાળેજો સમજણુ દઈ મૂકવા જાય ચાલી ૧૬૯

જોતાં આગે તુજ નજરમાં માર્ગ એ પ્રિય આવે
તેથી તારા મનમહીં પ્રિયે વાટ સંદે આવે
કોણું માટે ગમન કરજે ધોરી માર્ગે પ્રિયેતું
રસ્તાનામો સકળ સ્થળમાં પૂછતો વિચરેતુ ૧૭૦

લોકો જોજે નુતન લઇને માલ માર્ગે પળંતા
પોકારીને ઝટપ પીજવા માલનામો વદંતા
સૂણતાંજે તરૂણી વદતી બ્હારીથી મુખ કાઢી
સાળુ છેકે? પિરૂજી, કસુંબી પોપટીકે ગુલાબી ૧૭૧

ચોળી માટે અતલસ ગજી સિલ્ક કે ફુલસાટી
લાવો હોએ મખમલ અને અન્ય જે ભાતભાતી
એવું એવું બહુજ પડશે દ્દષ્ટીએ વાટમાં તુ—
રોકાતોના ગમન કરતાં ઝાઝું કો'શું તનેહું ૧૭૨

રે'જે સુખે કદિક ચહુઆં કાર્ય મારૂં કરીને
ને જોજેતું સરવ સ્થળને શે'ર માંહી ફરીને
પ્યારા એવું અવની તળમાં શે'ર હોતુ ન થાશે
આકાળે તો સમજું પછીથી દૈવજાણે શુંથાશે ૧૭૨

તુએ એવું વદિશ મુખથી જ્યાહરે સર્વ જોશે
ગ્લાની તારૂં વતન મુકતાં બોલશે એમ હોંશે
કે શ્રીકૃષ્ણે રમાણિય ભુમી જોકદી જોયુ હોતે
નીઃસંદેહે જંરૂરવસતે આવીઅહેં લક્ષ્મીસાથે ૧૭૪

જાતાં જાતાં પચ્છીથી પ્રિયજ્યાં માગઆવે તહીંથી
ચૌટે લેજે ગમન અરથે માર્ગ પુછી પ્રિતેથી
જોવો પ્યારા જઇશ પળતાં રમ્ય એ ચૌટુ મેલી
તેવો જોશે વણિક જનની હાર દુકાન કેરી ૧૭૫

ત્યાંથી મ્હેલો કુલિન જનના આવશે શું વખાણું
ભુલાવામાં તુરત પડશે એમ નિશ્ચે હું માનું
માટે પ્યારા સુચવું છઉં જે લક્ષમાં ખુબ રાખી
જાજેસિદ્ધો કયહીં ન વળતાં કાળજેધીર રાખી ૧૭૬

રસ્તા મધ્યે ગમન કરતાં આવશે ધામ એક
જોજે પાછું જમણી તરફે નીતિનો રાખી ટેક
જ્યાંહી પ્યારા સરવ જનનાં સારખાંછે મકાન
પર્ખીલેવા સખમુજનું— ધામઆપું નિશાન ૧૭૭

એ હામેથી પુરવ તરફે ભવ્યછે ચોક એક
જે ચોપાસે વિવિધ રિતના મ્હેલ બાંધ્યા અનેક
ટાંગેલાં જ્યાં કનક સરીએ શુકનાં પીંજરોછે
સામે જોજે સરસ સહુથી રિદ્ધિવાળાં ધરોછે ૧૭૮

જ્યાંકો હામે યુવતી લઇને બાળકોને ઉભેલી
દેખાડતી સનમુખ ભીંતે આકૃતિ ચીતરેલી
કંદર્પાસે વિરચિત ભીંતે કૃષ્ણરાધા વિલાસ
શોભાવાળા ધનિકજનના નિર્ખજેએનિવાસ ૧૭૯

એ ઠામેથી પરવર પ્રિતે પૂર્વની રમ્ય પોળે
સામાસામી ઘરની જહીંછે મ્હારીઓ ઓળઓળે
જેના કાંઠે રવિકિરણનાં કૈં પરાવર્ત્તનોના
ગોળાકારો ધનુષ સમયે મેઘના જાણતોના ૧૮૦

જ્યાં હર્ણાક્ષી સહચરી મળી એક બીજીની સાથે
ચેષ્ટા ચાળા કરતી હસતી ઓઢતી લાજી માથે
જીંહ્વા ડાબી પલવ મુખદે આડું જોતી અમીશે
શુકલાપાંગી સુચન કરતી ભાવ જુદા કટાક્ષે ૧૮૧

કોકો પ્હેરી વિવિધ નવલાં અંગ આભૂષણોને
જાતી દેરે ગજની ગતીથી ટાળવા દૂષણોને
સેવા કાજે દરશન રૂડાં હોંશથી દેવ કેરા
જેથીથાએ મરણપછીથી મુક્તિમાને ઘણેરા ૧૮૨

મીઠા વેણે વદતી હરખી કોઈ વાતાયનેથી
તાળી લેતાં વળી નિરખજે દમ્પતિને પ્રિતે થી
હીંડોળાના કરણ સુણજે શબ્દ ત્યાં માર્ગમાંથી
ઝુલતાંજે પ્રણયિ જનના આવતા ભૂવનોથી ૧૮૩

પૂરા પ્રેમે તરુણ યુવતી વેણીમાં પુષ્પ ઘાલી
અંતર્મોદે પ્રિતની કરતી વાત ઉભી અગાશી
વામાંગેરૈ, પવન પીડને નાંખતી ખાતી જોને
વાળાપખા ભીંજવીઉદકે ગુલને મોગરાને ૧૮૪

જાતાં ત્યાંથી નજર કરીને જો શિવસ્થાન સારૂં
પૂજાએ જે દ્વિજવર વડે શિખરો શ્વેત ચારૂ
લાંબુ પ્હોળુ સરસ રીતનાં દ્વારને શાખવાળું
નાનાવિધે કળશ શિખરે મૂકીયા તે રૂપાળું ૧૮૫

ૐકારોને મહિમન વળી નોબતો ઘોર વાગે
ગાજીરે'તુ અમ્બર ધ્વનીએ ઘંટને શંખનાદે
સોનાથાળો કરપુર ધરી બાળસ્ત્રી સૌ ભરાતાં
આલ્હાદેથી નિરખનજરે મંગળાર્તિ કરાતાં ૧૮૬

જોજે ત્યાંથી નજર કરીને ભવ્ય રૂડુ મકાન
જેને પ્યારા સરસ દીપતી જાળી કેરૂં નિશાન
જાણીતુંછે સરવ જનને રંગ મ્હેલે કરીને
દર્વાજે છે સુવરણ રચ્યાં ફાનસો જો ફરીને ૧૮૭

તેની પુર્વે સનમુખ સખા પારીજાતાદિકોના
રમ્યોદ્યાને મમ ભુવનછે સર્વ કલ્પદ્રુમોના
મંદારાદિ તરૂ સરીણિની બેઉ બાજુ પરેછે
જેનીકુંજે વિહગપ્રિયનાં પ્રિય વાસો વસેછે ૧૮૮

દ્વારાકારે ભુવન નિકટે મંડપો વેલીનાછે
તેના વાશી શુક રૂપિ સખા દ્વારપાળો વશ્યાછે
વામે મારા ઉપવન તણી મલ્લિકાની નિકુંજે
ખેલાવેછે મમપ્રિયતમા બાળહંસો દિનાંતે ૧૮૯

બેઉ બાજુ ગમન કરતાં બાગ જોજે પ્રિયેતું
ને હાર્યોએ વિજળી દિપના ફાનસો દેખશેતું
પાળી બાંધી ઉપર જતને વાવીછે દ્રો રૂપાળી
રાતીભાજી ઉભયપડખે વાવી કીધી કિનારી ૧૯૦

રંગી રંગે ફુલભરી કુંડાં અંતરેછે મૂકેલાં
મધ્યે લીલાં ધવલ પટીએ જો પીપોછે ધરેલાં
કાપીકુપી સરવ તરૂને ઘાટ એવો કરેલો
ખેંચેપ્યારા મનહું નજરે—સ્વપનમાં નાદીઠેલો ૧૯૧

છત્રાકારે તરૂવરઘણાં કાપીયાં દ્રષ્ટી દેજે
નેકો બીજાં ખુરશી ફરમે આદમી સાથનાં તે
કાપી ડાળ્યો કંઈક તરૂનાં પત્ર સાથે વળેલાં
મોરાકારો મનુષ અકલે વૃક્ષમાં છે કરેલા ૧૯૨

પાણી વ્હેલો તરૂજ છીપવા પાળ પેલી ભરેછે
જેમાં માળી સમુહ મળીને પાણી જોજે ભરેછે
નાંખે ઝારી કરલઈ સહુ ઝાડમાં પાણી પ્યારા
છીપંતાંજો કંઈકમળીને પુષ્પકયારા રૂપાળા ૧૯૩

બીજી બાજુ તહીંથી પ્રિયજો દ્રષ્ટી તારી તુ ફેંકે
ઝાડે બાઝી ઉપર ચડતી આમ્રવેલી નીહાળે
દેખાએતે વિરહિ પિયુને ભેટી જાણે દબાતી
વિહુંપ્યારી પ્રિયશુ મળતાં પ્રેમથી ઘેલીથાતી ૧૯૪

જાતાં વાંતે તરત તુજને યાદ તારી પ્રિયાની
આપે માનું વિરહિરથીતિ હું ભોગવું વિર્હિયાની
તોએ ધીરા ધિરજ ધરીને ધીર ત્યાંહા તું થાજે
જ્યારે હુતે કબુલિ પ્રિયનું જાયછે મુજ કાજે ૧૯૫

સામે વૃક્ષો તણી રૂડી ઘટા દૃષ્ટીએ જે પડેછે
તેની માંહે વિવિધ રિતના પુષ્પના માંડવાછે
જેમાં જાતાં કંઈક સમયે કંઠમાં હાથ નાખી
વિલાસાર્થે વિરહ સહુંતે હું શકું નાંહી સાંખી ૧૯૬

પ્યારા પ્રેમી નવિન ફુલની વેલીછે ત્યાં ચડાવી
પેસે નાજ્યાં કિરણુ રવિનું કોઇ કાળેજ આવી
પુલોમાંથી ગ્રહણ કરતો વાસજ્યાં વાયુવાએ
પક્ષીરાગો નવિન મધુરા પ્રિયજ્યાંહી સુહાવે ૧૯૭

એ ઠેકાણે સરવ જગનાં પુષ્પને વૃક્ષ કીધાં
ભેળાંનેછે વિહગ પણનાં ક્યાંહીનાં મૂકી દીધાં
શાથી હુતો પ્રિતમ પ્રિયને શોખ રે પ્રિય ઝાઝો
આણીકીધાં સરવથકીતે એકઠાં આપી દામો ૧૯૮

આહા જ્યારે અમ ઉભયઆ બાગમાંહી ફરંતાં
શોભા જોઇ વદન અમની પુષ્પ સુદ્ધાં બળંતાં
જ્યારે ગાતી ખુશોથી પ્રિયત્યાં કંઠસૂણી પ્રીયાનો
કોકીલાઓ ગરવ મુકતી તે સમે બોલવાનો ૧૯૯

તેની સામે સરવ વિધના દ્રાક્ષના માંડવાછે
નેતે સાથે ફળ ફુલતણાં વૃક્ષ જ્યાં વાવીયાંછે
જોઈ તેતુ વધુ નિરખવા જાયજ્ને બાગમાંહી
જોતાંઝાઝો વખતવિતશે નાજતો તેથી ત્યાંહી ૨૦૦

ક્યારા બાંધી ભૂમી ચિતરીછે તેતુ નીહાળી વાંચે
તો દેખાશે સરળ રીતથી પૃથ્વીના ખંડ પાંચે
ઠોકો ઠામે પૃથવી પરના દેશ જેછે થએલા
જાણીતાજે સરવ જનના તેહછે ચીતરેલા ૨૦૧

ડાબે હાથે નજર પડશે હોજ મોટો રૂપાળો
જેમાં મૂક્યો મિન પિતળનો ફૂદતો પાણીવાળો
જોજે પ્યારા વિહગ સઘળાં એકઠાંછે કરેલાં
તેનાંરૂડાં પીંજર પ્રહુઢાં પ્રાણીઓથી ભરેલાં ૨૦૨

એવી રીતે ફળફુલ અને બાગનાં સર્વ પ્રાણી
વૃક્ષો આદિ જરૂરી સરવે મૂકીઆંછેજ આણી
બાકી કાંઇ નથીજ મૂકીઉં ખાતરી તો મનેછે
જોવા જેતું બહુસહુ કહે જોતનેએ ગમેછે ૨૦૩

મ્હેલે વચ્ચે પ્રથમ પ્રિયત્યાં જો ફુવારો રૂપાળો
પાણી જેતું ઉડતુ પડતુ માંહીને માંહી બાળો
ખુબી એવા નગર મહીંછે અન્ય સૌ મ્હેલ કેરી
સર્વે [illegible] [illegible]ની નિરખે તેગુથી પ્રિય લ્હેરી ૨૦૪

બાંધેલીએ ભુવન તણીજે પાયરી આ રૂડેછે
બેઠી હોશે. નજર કરજે ત્યાં અનુચારીકા બે
આપી તેને ખબર તુજની આવવા કેરી પ્રિતે
પ્હાણે છાયા લગોરખમજે આંગણું તું પચીતે ૨૦૫

ને કું જાવા કહીક મહીં જો એ અનુચારીકા એ
પર્સાળે તું નિરખ જઈને ત્યાંહીનાં આરકાંઓ
શોભાવ્યાં જે બહુજ નકશી કામ સારૂં કરીને
મધ્યે મધ્યે અનુપમ ઘણી ફૂલ વલ્લી ભરીને ૨૦૬

નીચે નાંખી પ્રથમ કડકા પ્હાણના જે કર્યાછે
ગાલીચાઓ બહુજ ફુલને વેલ બુટા ભર્યાછે
મૂક્યાંછે ત્યાં ખુરશી તકતા કાચને મેજ સારા
ઠામે ઠામે ઘટતી રીતનાં પૂતળાં તેમ પ્યારા ૨૦૭

છાટયે કીધું કનક તણુંછે કામજે નક્ષીવાળું
મધ્યે ટાંક્યું ઝુમર દીપનું જો પ્રિયે સો દીવાળુ
બાજુમાંછે ઝુમર અવરે યોગ્યને ઓપવાળાં
સર્વેજોશે ઝળઝળ થતાં લોલકોથી રૂપાળાં ૨૦૮

ખાને ખાને પ્રસિધ નૃપની ટાંગીજે તસ્વીરોછે
તેમાં પ્યારા છબિજ અમની આમના સામનીછે
જોજે પ્રિતે પ્રિયકું કહુંછું આ રૂડો ઓરડોછે
સારાંલૈને શ્રમથી ખરીદી પુસ્તકો ઓબર્યોછે ૨૦૯

તેમાં પ્યારા પ્રસિધ જનને ગ્રંથકારો તણીછે.
ટોંગાડેલી વિવિધ રિતથી તસ્વીરો જે ઘણીછે
કારીગીરી કરત્રિમ કરી ઓરડીઓ ભરેલી
પ્રાણીઓએ જીવતીમુજને જાતજે ન્હેજડેલી ૨૧૦

જોજે તેનુ ખસુસ કરીને યોગ્ય જોવા તણુંછે
કે પ્રાણીઓ ભૂમહિં પ્રભુથી રંગ ફેરે ઘણુંછે
આહા રગે. અવની તળમાં થાય શું કાયનાથી
જોવા મૂક્યા સરવ ચીજમાં મ્હેનને નેકસાથી ૨૧૧

ત્યારે આજે પ્રથમ પ્રિયની છે મુલાકાત માટે
સંકે તે હું જણતું તુજને રૂપને રગ ધાટે
પ્યારી છેના ઉચીન નીચીએ મધ્યમાછે શરીરે
જાડાં છેના અવર સમને પાતળીએ લગીરે ૨૧૨

છે ખંલેલી અવયવ બધે કેતકી જેવી નેક
પ્યારો કેરૂં શરીર સિધુંછે જો ધરીને વિવેક
ગોળાકારે. અતીશ દીપતું માથું એનુ નિહાલ
કાળા લાંબા ચકચક થતા તેની ઉપેર વાળ ૨૧૩

આહા! વેણી કદિક નજરે સર્પએની નિહાળે
જાણું તેતો જીવલઇ ખરે પેઠીજાએ પતાળે
બિનાજંતી પ્રથમ પ્રિયજ્યાં ફુલવેણી રૂપાળી
હાવેતેના •સજતીગુંથતી માથુના વિરહાળા ૨૧૪

બીજ તુજ્જે શિતકર સમું મુખ પ્યારી સપેર
પ્યારા જ્યારે પ્રથમ હતુ હ્યું રેહેવું મુજઘેર
કર્માએલું પ્રંગુચુ ગુણીનું માહરા વિરહ્થી
વિહ્વાવસ્થા વિકટ ભ્રમતાં હું પ્રદેશે વસ્યાથી ૨૧૫

જ્યારે પાંથી પ્રિયની શિરમાં દીસતી શ્વેત હોય
રૂપાકેરી લિટીશી દિપતી કેશની માંહી હોય
પ્યારા ખોસે રજની સમયે ચંદ્રની કાંન્તી જ્યારે
આપેછે તે પ્રતિકૃતિ કરી તેહમાં જેણું ત્યારે ૨૧૬

જ્યારે જોઉં ત્યારે શુદ બીજ તણા ચંદ્રમાકુ. અહીયાં
પ્યારી કેરાં ભમર મુજને યાદ આવે તહીંના
વાતો આવે સ્મરણ મુજને કામ કેરૂં ધનુષ
દેખાએ તે સમ ભમરએ નીખીં જોતાં ખસુસ ૨૧૭

ને તે માંહી જરૂર કરીને પાંપણે બાણ ધાર
સારે છે તે પ્રિયશું કહું હું કાર્યં તે કોકવાર
કીકી એની વિજળી સમછે દૃષ્ટનો કાપનારી
કાંકે પ્યારા નજર પડતાં થાય આનંદ ભારી ૨૧૮

અણપાળીજો પલક પલકે આંખડો અંજનાળી
ને સુભ્રૂએ મદન ધનુષી વક્રને ખૂબ કાળી
જોઈ પામે અજબ અતીશે મંનમાં પ્રિય મારા
અક્ષીસુભ્રૂ મમ પ્રિય સમા નામજો દેશ તારા ૨૧૯

અક્ષીઓની મૃગની સમછે માટ કૌં'છું મૃગાક્ષી
જેવું મારૂં કબુલ કરીને તુંય પૂરીશ સાક્ષી
નાસીકાછે તિલફુલ સમી પ્યારીની તો ખચિત
નેવાળીજો નવચંદ્ર સમી કર્તી પ્રેમે ભ્રમિત ૨૨૦

પર્વાળાંથી અધિક દીપતી રક્તિમા હોઠ કેરી
ગુલાબીછે ગુલથી વધતી ગાલકાંન્તી રૂડેરી
વામેગાલે છુંદણું છુંદયુંજે ભ્રાંતી આપે અલીની
લેછે જાણે રસતણી મઝા આગુલાબીકળીની ૨૨૧

પ્યારી કર્ણો સમિપ કુંમળી પાંખડી પદ્મ કેરી
તારા શુકે ! પ્રિયની તહીંની વાળીએ મોતી કેરી
હીરાકેરા બુટનીમહીંના પ્યારીકેરા લવીંગે
ભૂલાવામાં કઇક જનને નાખીયા શુક તારે ૨૨૨

પ્યારી કેરૂં ગળુજ દીપતુ કાચની નાળ પેર
દેખાડતુ સરવ ચીજજે જાય ત્યાંથી સપેર
હીરા કેરો અતીશ ઉમદો હાર હૈડે પ્રિયાને
સાધી જેણે તિમિર ટળવા ભાનુ કેરી ક્રિયાને ૨૨૩

શાથી કે એ પદક વચલું ભાનુનો ભાસ આપે
ફર્તી સેરો કીરણો તણી કો'કાંન્તી આપે અમાપે
જાણે હોશે નિરમળ દીસે પ્રેમનો જે પ્રકાશ
તે અત્યારે હૃદય ઉપરે હાર રૂપેછ ખાસ ૨૨૪

પુષ્ટી પામી સરવ રિતથી અંગ ફુલું જ મસ્ત
આ ટાંણે તો નિરખીશ ખરે થૈ ગએલું જ ખસ્ત
જોઇ કે'શે ખબર મુજને ત્યાહરે શાંતી થાશે
ને આવિહી તરફડથતો જીવ નિશ્ચંત થાશે ૨૨૫

હસ્તો રૂડા નિરખ પ્રિયના સુંઢ હાથી સમાન
દીસંતા જો નજર કરીને રાખીને દીલ ભાન
જે છે જાડા ઉપર થકીને પાતળા હેઠ જાણુ
જેવી રીતે કરિની સુંઢ છે તેવી રીતે પ્રમાણુ ૨૨૬

હાથેળીને કમળ સમજી જાયછે ભ્રંગ ત્યાંહી
દીસંતી એ કમળ સમછે પાંખડી આંગળીની
જોઇ પાછા તદપિ ફરતા આશ સૌ આપ ખોઇ
તેમાં રાતાં સરવ સ્થળઆં છુંદણાં મેંદીજોઇ ૨૨૭

માને તેથી મનસુ સરવે થાળછે એ રૂપેરી
ને તે માંહી ટુટલી ધરીછે કંઠી માણેક કેરી
પ્યારી કેરા કરશું દીપતો બાંગડો આશમાની
તેમાં તારા રૂપજ દીપતી જો કણીઓ હીરાની ૨૨૮

પે'રંતી જ્યાં મખમલતણી ચોળી લીલી પ્રિયાએ
ને સાડીએ શરીર દીપતી રંગ શોભે ગુલાબે
પ્યારા એની કટી નિરખીને સિંહલાજે અતીશ
હંસી કેરી ગતિ પકડીછે એમવર્ણું કીવશ. ૨૨૯

પંચો જોઇ ભ્રમિત મનથી કોઇ પંજાબ કે'શે
કીંતુ એતો મુલક દુરને આ દિસે પણ વેશે
મોટી ધોરી નસમહીં વહે લોહિ પાએ પ્રિયાને
ને પેલામાં સુચીનિરવહે જાણીતુંછે બધાને ૨૩૦

કડાંઓને મછલી વિંટીઓ આંગળાંની પ્રિયાના
ભ્રાંતી તારી અસ્તુસ કરીને ભાગશે એ રૂપાળા
તોયી ઝાઝી નુપુર નજરે દેખતાં જાય તારા
રોયીસારી રિતની કહુંહું ખાતરી પ્રિયમારા ૨૩૧

જોઇ એવાં છબીથી પ્રિયની આકૃતિ મંનમાંતુ
રાખી પ્યારા પછીથી પ્રિયની પાસ જાજે પ્રિયેતુ
બોલાવેત્યાં પ્રથમ ગયલી બે અનુચારીકાઓ
ત્યારે દેજે તહીંથી ધરમાં પાયતારો પનોતો ૨૩૨

પ્યારા તારૂં પ્રથમ મળવું. થાયછે પ્રિયશું આ
માટે તુને સુણુ કહું છઉં જે સ્વભાવો પ્રિયાના
તેને પ્રિતે અનુસરી પછી બોલજે બોલવાનું
સદેશાર્થે કહુંછું તુજને જે પ્રિયે કહેવાનું ૨૩૩

પ્યારા એણે વિરહ થકીઆ માહરા છોડી દીધ
દાગીનાઓ શરીર સજવા સ્વમમાં નાંહી લીધ
ધર્મો જાણે સરવ પ્રિય એ જે પતિવ્રત કેરા
તેશું માણે કંઇબા સુખડાં પીઉવિનાં ઘણેરાં ૨૩૪

વ્હાલાએછે અધિક કહુંશું સદ્ગુણોથી ભરેલો
કોઇ રીતે લિગર ન્યુનતા એહમાંના ઠરેલી
શોધંતાં તું અવગુણ પ્રિયે ! દેખશો નાંહી એક
ગંભિરાઇ અનહદ અને મોહ પામું વિવેક ૨૩૫

વિદ્યા વૃદ્ધિ બહુજ ગમતી સ્ત્રીતણા વર્ગકેરી
માટે તેને ધટીત કરતી સાહ્યતા દ્રવ્ય કેરી
જ્યારે કોઇ કંઇક કરવા કામ એવું વદંતો
ટેકે તેને તુરત પ્રિયનો હોયછે યુક્તિવંતો ૨૩૬

લક્ષ્મી, ગુણ,નો મદતું પ્રિય ત્યાં ભાળશે નાહી નામ
જોઇ થાશે ખુશદિલ વિષે સભ્યતા કેરૂં ધામ
વાંચંતીએ શુભ રંજનનું તેમ અન્ય ત્રિયાનું
માટે આવે શ્રવણ કરવા કાવ્ય પ્રેમે પ્રિયાનું ૨૩૭

વાંચેલાં છે સરવ ઉમદા પુસ્તકો મેં લીધેલાં
ને જે રાખ્યાં કબાટ મહિંછે મ્હેલ મારે ભરેલાં
ચાહેછે એ સહુથી અદકાં પુસ્તકો નીતી કેરાં
તેગી જોતું સરવ સ્થળમાં પુસ્તકો એ રૂડેરાં ૨૩૮

ખર્ચેછે એ વસુજ અતીશે નેકીમાં પ્રિયપ્રાણ
ને આપેછે ગરિબ જનને અન્ન વસ્ત્રાદિ દાન
કાર્યો કર્તા દિનજનતણાં ખંતીછે પ્રિયમારી
નિષ્ઠાભક્ત ઉપર પ્રિયછે પ્રિયની જાણુંમારી ૨૩૯

બોલે નાંહી ઉંચસ્વરથકી વેણુ કોઇશું એક
રીતી એની સરળ બહુને ચીડવું નાંહી ટેક
જ્યારે હોઉં પરમ પ્રિયતે ગમ્મતીની કનેહું
ત્યારે ચે'રા મરક હસતો જોય ઘેલો બનેહું ૨૪૦

છું ના પાસે પ્રિયની થકીતે મુખ કર્માયલું તું
જોતાં પ્યારા લગિર પણના મનશંકા લહેતું
ભુલાવામાં પડી દરશના કામ મારૂં વિસારી
સોંપ્યુંછે તે કરૂણ હૃદયે સાધજે થિર ધારી ૨૪૧

મીઠા બોલી સખખ સરવે બોલ એના ઉઠાવે
હેતેથીને લગીર પ્રિયનું મંન કોના દુભાવે
જુઠું તોએ જીવજ કદીજો જાયતો એ નબોલે
બાગેદુઃખો ગરિબજનનાં તોળીને સત્ય તોલે ૨૪૨

વ્હેમી પ્યારી લગિર પણના જાણતી ના શું ઢોંગ
થાએ કેવા જગત મહીંછે ને વળી શું છ રોગ
નીતીવંતી વળી કુળવતી સંગ એવી રમાનો
સારે કામે પરમ પ્રિતથી નાથ પૂજે રમાનો ૨૪૩

ગોતી થાક્યો અવગુણ તથા દાખવી શકુંહું
વર્ણ્યા વિહેં મનડું બમતે રીતથી ગુણ તેતુ
રાખી લક્ષે છબી ગુણ સહુ ઓળખી પ્રિય લેજે
ધીરે ધીરે સમીપ જઇને કહેવાનુંજ કેજે. ૨૪૪

વિશ્વાસેથી પ્રિયતુ મળજે દાસીની સાથ માંહી
દેખાડંતી સરવ તુજને લઇ જશે પ્યારી જ્યાંહી
ત્યાં તુ તારી ફરજ ગણીને માન એનેજ આપે
જાણું પ્રેર્યો મુજથી પ્રિયતું ઉપરીતેથી થાપે ૨૪૫

જાશે જયારે પ્રિયની સમિપે જાણું જોશેતુ પ્રેમે
મે જો કોચો ખુરશી સરવે ગોઠવ્યાં એકનેમે
વાંચંતી કો નવિન નહીંતો ગ્રંથ રૂડી ક્રિયાએ
કાંતો કર્તી સ્મરણુ પ્રભુનું બેઠી જોશે પ્રિયાને ૨૪૬

કિંવા પ્યારા સ્મરણુ મુજનું પ્યારીએ કીર્તી હોશે
વેળા વ્હાલા જમણુ કરવા કેરી વિચારી જોશે
ચિંન્તી ચિત્તે મનશું પ્રિયએ શું જમ્યા પ્રાણુ હોશે
કુએભૂખ્યા યદપિતહિંઆં કોણુ જાણેશું હોશે ૨૪૭

ચિત્ત આધી વિવિધ કરીને કાળજું બાળતીને
નિઃશ્વાસે કાં મનશું કરતી આહ !! વારે ઘડીએ
પ્રેમે કાંતો તરક મનમાં માહરા લાવી રોતી
યાતો ચક્ષુ ચપળ ફરકે બ્હીતી આક શા જોતી૨૪૮

કાંતો મૂકી કરની પ્રથમા ઉપરે ગાલનીએ
ને અંગુઠે ધરિજ પ્રિયએ દાઢી પોતા તણીજે
ચાતી હોશે વિરહો પ્રિયજો પ્રેમથી ગુણ ગાઈ
આહોકંઠે ખુશિ મન વિષે માની લેઇ વધાઇ ૨૪૯

ક્યાંતો માસો વિરહી ગણતી કોક શું બેઠી હોશે
વાતો વાતે મુજની કરતી શુન્ય વિચાર રોશે
કિંવા પ્યારા વિરહ તણીએ વેદના લાવી મન
રોતી હોશે સખીશું વદતાં બાળતાં નિજ મંન ૨૫૦

વાતો જોશે કરતી ઘરનું કાર્ય એને તહીંઆં
શાથી કે તે લગીર પણના આળસુ રે' મ્હોંઆં
ગ્રંથો વાંચે અગર નહીંતો તે લખે કાંઇ બેશી
ઓટે, શીવે, કસબ ઉનનું કે ભરે કાંઇ બેશી ૨૫૧

જુદાં જુદાં ભરત ભરવા શીખ એને અતીશે
રંગી ચિત્રો નવિન વિધનાં રે' ખુશાંએ હમીશે
ચિત્રો કાઢે જન પશુ તણાં હોંશથી પ્યારી મારી
જાણે સારો હુનર પ્રિયએ છે છટા હાથ સારી ૨૫૨

શાથી વાધે અવર મુલકે આબરૂનો ખચીત
ને ત્યાં કેવી રીતથી વરતી ચાલતું છે ઘટીત
જાણે છે તુ ધરમ દૂતના શું કહું કે' તને હું
મારા જેવું ઘટિત પ્રિયને માનનો આપશે તુ ૨૫૩

જ્યારે તારૂં ગમન કળશે તે અનુચારિકાથી
ત્યારે કંપે કંઇક પ્રિયએ પ્રેમના ઉભરાથી
પ્રેમાળીએ સુલભ ન મળે ભેટ અન્યોન્ય આવી
વિધાતાના વદન મહીંના લેખ છૂપા લખ્યાથી ૨૫૪

પ્રિયતમનેહું શરમ ધરીને ઢાંકતી આંખડીને
હાથે ઉંચો કરી વદનથી વાળ કેરી લટોને
હેતુ તારો ક્ષણ મહીં લહી જોઈ સન્મુખ તુને
અભ્યાસેલા વિકસિત મને પૂછશે ખ્યાલ તુને ૨૫૫

આવો બેસો શ્રમીતથવલા ને પીઓ પાણી ટાઢાં
ખાઓ પ્રીતે તબક મહીંથી લેઇને પાન સારાં
સંદેશામાં પ્રિતમ ભણીથી જે સમાચાર લાવ્યા
બોલો સર્વે હરખ ધરીને પ્રાણનાથે કહાવ્યા ૨૫૬

કો' રે' કર્તા યદપિ તહીંઆં હાર હૈડા તણા શું?
ને કો' કેવી ખબર સરવે છે નહીં કૈ મળ્યા શું?
ઘણું પ્રેમે સરવ રીતનું સુખછે તેમને કે ?
દુઃખી છે તે દુખદ કંઇએ વાતચીતમાં જરીએ ૨૫૭

આઝા દિ મેં મુગટ મણીના પત્રની વાટ જોઇ
ઝુરી ઝુરી સ્મરણ કરતી હું રડી આંખ ખોઇ
મૂકી જેને પીડવી પ્રિયને શાળજો કારને શું'
છાજે એશું? કંઈય લગીરે કોનું ના ભાવતામ્હો ૨૫૮

કૈ'ને ચાલ્ય! જરૂર મળશું પ્રિય હોળી પરેતો
તેશું ભુલ્યા વચન નિજનું આવિયા નાથ રેતો
પૂછે એવું પ્રિતથી તુજને પ્રાણપ્યારી જહીંઆં
આશિર્વાદો દઇપછી કહે વર્તમાનો તહીંઆ. ૨૫૯

પ્યારો પીઉ સુખી તમતણો સર્વ વાતે રહેછે
ડાહીડાહી વળી ગમતની એઉ વાતો કહેછે
ગાળેછે દિ યદપિ પ્રિયએ આશને આશમાંહી
તેમાપીડે બહુજસુભગે ? તમતણો પ્રેમ ત્યાંહી ૨૬૦

પોતાકેરૂં કદિક કંઈજો કામહોએ નપાસે
સારો દા'ડો ખુશીથી અમથા રે'છે ખુશીરે ઉલાસે
કો કો વેળા દઈજ લમણે હાથ નાંખે નિસાસા
ક્યારેમારી ફળિભૂતથશે ઈશ કે'ની તુઆશા ૨૬૧

તેમાં પીડે અધિક બળથી કામ તેને અપાર
કર્તો મુક્તિ દુઃખથી અથવા સર્વથાતી અસાર
આજે કાલે કહીજ દિવસો ગાળી નાખે પછીશું
આશાજ્યાંહી ફળતીનહીંત્યાં કો'કરે પ્રેમીતેશું ૨૬૨

સાચુ કો'છો કહ્યુંતું તમને ભેટવા હોળીએતો
પાપી તારો નવિન પ્રિયને ખાળીઓ ત્યાંહીછે જો
તેથી નાવ્યા પ્રિતમ પ્રિય મોકલ્યો આંહી મુને
કે'વા કાજે હકીકત બધી વિનવીને તમુને ૨૬૩

બાકી ભૂલ્યો પ્રિતમ નથીતે કોલ જે આપીઓછે
પ્રેમે તેને હૃદય મહાંજે પીડકે સ્થાપીઓછે
પત્રોકરી પ્રિતમ તમના વાટ જોઇ પ્રિયેએ
નાવ્યાત્યારે પછીથીમુજને શિઘ્રજાઓ કહ્યુંરે' ૨૬૪

બોલ્યું મ્યાએ વગર વગથી સૂચવે બુદ્ધિમારી
કેના હોએ ઘટિત પ્રિયને પીડવી પ્રિય નારી
કર્યું તોએ રૂદન ઘટતુ શું તમોને હતુ કો'
જ્યારેજાણ્યો અયથોઈતીને છોભણેલાંતમે તો ૨૯૫

પોતે ઝાઝો ફિકર મહીંછે વાયદોના પળ્યાથી
ને બાળેછે મનડું અતીશે હાલ ત્યાંહી રહ્યાથી
તોએ જાણો વિજય ન થતાં તેકરી કો' શકેશુ ?
બાકીતોંતે ઘડીય પણુકો' વિદ્દી ત્યાંદી ટકેશું ૨૯૬

આંખોહિતે રટણુ તમનું ત્યાંહી બેઠો કરેછે
કોકો વેળા પીંડીત પીડને આ સુખો સાંભરેછે
સારાસારા સરવ ઉજળા તેહવારોતજેછે
માળાપ્રિતે અહરનિશત્યાં તે તમારી બનેછે ૨૯૭

ને જાણેછે કિમતી અતિશે પ્યાર એતો તમારો
માટે જોજો મનશું કંઈએ અર્થ લેતાંજ આડો
ધારો નાકે પીડજ મનમાં કાંઈ આવ્યા વિકારો
છેનાએવો મુલકનબળો માહરો કોં' સ્વીકારો ૨૯૮

પ્યારો તેમાં વળિ તમતણો નીતિને જાણનારો
ભૂલેતોશું પતનિ વ્રતને પ્રાણ જાતાંય પ્યારો
બંધાયોછે પીડતમતણો પ્રેમપાશે તમારે
એવોકતે નહીંજ કરતો આંખ ઉંચી લગારે ૨૯૯

કોકો વેળા છબિ તમતણી નિરખી ઘેલું કાઢે
પાછો પોતે સમજી જઇને એ વિચારો જ વાઢે
જોતાં જોતાં મનન કરતાં રૂપતે માંહી ચારૂ
મીંચીઆંખો પછીથી ધરતો ધ્યાનહેતે તમારૂં ૨૭૦

લાવી પોતે મનશું પ્રિતથી મેઃજ આ સ્થાન કેરી
માણેલીજે હૃદય ધરતો લ્હેર આંહી ઘણેરી
કાંતો સોચે કદિક મનમાં બાગકેરી મઝાને
ને વેળાએ સ્મરણ કરતો પુષ્પના માંડવાને ૨૭૧

ભ્હારીમાંહી તમસમિપરે ચાવિયાં પાન હોશે
થાતાં સ્મર્ણું તરત પ્રિયતે નિજનું ભાન ખોશે
કોકો વેળા પરમ હરખે વાત કીધેલ હોશે
છાનીગોષ્ટી દિલપર લઇ પોંશ આંસુથી રોશે ૨૭૨

એ વિચારે પછીથી સઘળી રાત ઉંઘેન પોતે
ખોલે કાંતો કવિત નવલાં પ્રેમથી જોડી પોતે
વિર્હાવસ્થા વરણન વિના અન્યના કૈં લખેલું
હોયે તેવું સરવ લખતું પ્રેમીનું પ્રેમ ઘેલું ૨૭૩

પ્રેમ પાને કદિક તમશું ખાધી હોશે મિઠાઇ
વા [illegible]ગા પયજ કઢીયાં પી તમોનેજ પાઇ
માં [illegible]જે રમુજ મળીને તે સહુ યાદ લાવી
ખોલ[illegible]યાં સુખ જતુંરહ્યું આદશા ક્યાંથીઆવી ૨૭૪

બાળેછેએ નિજનું મનડું ને ઉદાશી ફરેછે
ચુરશો ઝાઝો વખત વખતે સેંજમાંએ કરેછે
તોએ કોં'શું કરતું પ્રિયજ્યાં દુઃખ કર્મે સમાવ્યું
સે'વુંજ્યાંત્યાં ધિરજધરીને જેસમેજેલ આવ્યું ૨૭૫

બાકીબીજે મનુજ કરમમાં છેનહીં માગં એક
ભાગ્યે માંડયું વિકટ દુઃખજે ટાળવાનેજ છેક
છોમાં સર્વે જુદ્દમ થઈ જ્યાં મોજને શોખપ્યારે
જાણોપ્યારાં. પ્રિતમંતમછે પ્રેમઆધિન મારે ૨૭૬

ખાવું પીતું ફરતું હરતું ને સુતું શાંતીવાળી
ચાહેનાતે વિરહ મહીંઆ પુષ્પ સેવા રૂપાળી
મિઠાઇને ફળજ કંઇએ મૂકતો નાહીંમોઢે
ખાતો મેશો લગિર નહીંએ સુકશો છો ન સો'ડે ૨૭૭

જાતોછેના ગમનકરવા બાગકે બંગલામાં
કોનીસાથે નથીંજ મળતો મોજકે ખેલવામાં
ને જાએના મથીંજ મરતાં નાટયકે નાચજોવા
આંઝું કે'તાં મુદત રહે બોલબોલે ન કોવા. ૨૭૮

ગાડી ઘોડે ફરતું પ્રિયને રે ગમેના લગારે
સાથેસાથે તમસહ ફરતો તે નહીં પાસ ત્યારે
જાગે કોં'શું ગમત કરવા એકલો બેશી કોએ
જેણે પે'લાં ગમત સરને પ્રિયશું માણીકોએ ૨૭૯

પ્યારે સુવુ હિંચકતું તજ્યું બેસવું શાંતી રાખી
હીંડોળેને કહુંશું તમને બાજઠે આપ પાખી
ગાતોછેના કદિય ખુશીથી કે વિના ખુશીએ કૈં
વાજીંત્રોના મધુર સ્વરએં કાઢતો ના કદીકૈં ૨૮૦

આવે જ્યારે શીબીરની વિષે બેશીરં મુઢપેઠ
કામેથીને પછીથી કહીએ જાયના બ્હાર નેટ
બોલેનાતે શુકન કડવો તેન મીઠો ન કૈંએ
કોઇનાશું પ્રિતમ તમનો કોંશુ ઝાઝું કહીએ ૨૮૧

ખાતોનાતે વિરહ તમનો જ્યારથીછે થએલો
તાંબુલોને પુગીફળ તણો સ્વાદ જેમાં રહેલો
બેસતોતે કવચિત લમણે હાથ દેઇ નિજકેરા
ઉભતોકે લગિર ફરતો શોચ આણી તમારો ૨૮૨

ધેલો પ્રેમે પ્રિતમ તમનો છેથયો સાચુંમાનો
જાણો પ્રેમે કિમતિ પ્રિયનો સ્નેહએ સર્વ શાણો
ચાહેછેએ ત્વરીત ગતિએ એં મુલાકાત સારી
થાવાકાજે મનથી ગણતો બેઉને સુખકારી ૨૮૩

પ્યારી છેના દુખડું વિરહી ટાળવાના ઉપાય
તેથી થાકી મનશું ચીંતવી ઓલવે દીલ લાય
કે અહેંઆવ્યે તનથી દૂરછું પ્રિયના તોય નાહું
દિલેથીબ્હો સ્મરણકરૂંછું એહનું એહ મ્હારૂં ૨૮૪

આસ્થા ઝાઝી   પ્રભુની ઉપરે   રાખશો સારૂં થાશે
આશા નક્કો   અમતમતણી   રે ફળિભૂત થાશે
કર્તા હર્તા   સકળ જગનો   ઇશછે એમ જાણો
તો કોં ખાલી   દિલગીરથઇ   રોપશુંકામ આણો ૨૮૫

ધાર્યુંથાએ   સકળ જગમાં   ઇશનું સર્વકાળે
માટે મીથ્યા   જન હૃદયમાં   ધારણા અન્ય ધારે
ચીંતા, વ્હાલી   કરવી ન ઘટે મંનમાંહી લગીર
બોલ્યાછેકે   જરૂર મળશું   રાખજો મન ધીર ૨૮૬

બેટા પ્યારાં   પ્રભુની મરજી   વિણુતો નાજથાય
જાણી એવું   શપથ દઉછું   ગાળશો નાંહી કાય
જાણોછોકે   જગત મહીંજ્યાં   લે'ણું પૂરૂંજ થાય
કૈં નિમિત્તે   તજી તનડુંઆ   જીવતો છૂટી જાય ૨૮૭

ને જન્મ્યુંજે   અવની પરતે   કોઈદિ મર્ણ પામે
જાણો નક્કી   રહ્યુંન કદિકો   રેહશે ન્હેં મુકામે
કો આજેકો   પરમ દિવસે   માસકે આઠમાસે
કોવર્ષેકો   દશજ વરષે   કો પચીસે પચાસે. ૨૮૮

સારી રીતે   ઘરની કરોને   રે વ્યવસ્થા તમેં સૌ
રે'જ્યો સંપી   કલહ નકરી   શોકના રાખશો ન્હો
સંપે પ્યારાં   જગત મહીંકો   નામના લૈશકેને
વિના સંપે   જરૂર પડશો   એકલાં વિણુ બેલે ૨૮૯

જાંણોછોકે હળીમળી રહ્યે આબરૂછે કુળોમાં
સુઆચર્ણે નિતિજ ધરીને ચાલતું આ ભુમિમાં
શોભા તેમાં પ્રિતમ મુજની ને પીતાની તમારા
નેએ રીતી કુલિન ઘરની છેતમારા અમારા ૨૯૦

એના વિના અવર કંઇએ ગુણ શોભાવનારો
છેનાઆંહી ખચીત ગણુજો બોલસાચોજ મારો
જાણો સર્વે ગયલું મળશે એ વિનાં પૃથ્વીમાંઆ
મુએલુંને ગયલી જગમાં આબરૂ એ મળેના ૨૯૧

હેવે પ્યારાં પ્રિતથી તમને આપ્યુંછે સુખ જયારે
સર્વે વાતે પંડીચુ ડરતું એકલો વિદે ત્યારે
વેઠોછોજે વિરહ દુઃખને દિન થોડા મદીજો
ઇચ્છાછેતો મળતું થઇને જાય નક્કી ટળીતો ૨૯૨

સૌનાપાસે વદવી સમથી ગોદરી મીષ્ટવાણી
કર્તુનાહી ધરતું જરીએ ટાયલું દાઝઆણી
પામ્યા ભાગે સુખદુખ કદી તો પ્રિયે ભાવ આણી
લેઇ માથે તજ ન ધિરતું કૂળ મોટાઇ સારી ૨૯૩

મોટી સૌથી કીરતી જગમાં સારી એકલીછે
ખ્યાતીજાય્યે અહિંઅન્તરની ખ્યાતિત્યાંએ ભલીછે
ટાંકેલાછે સ્મૃતિ મહિં કંઇ શ્લોક એવા ઋષિએ
બોલ્યોદીલે સવડ કરીને શીખિતોસુખ થાશે ૨૯૪

માટે પ્યારાં દૃઢ મનકરી ચાલવું અહૈં તમારે
ને તાબાના સકળ જનને નીતિ કે'વી વધારે
સારી રીતે સરવ રિતની નિત્ય સંભાળ લેજયો
ને. રાજ્યાર્થે સચિવ જનકે અન્યને સાથ દૈજો ૨૯૫

બાકીપ્યારાં મનડું દુખવી કાંઇના કલેશ જાણો
થાજો ધીરાં ધિરજ ધરીને ભેટ થાશેજ જોણો
જોજો ધર્તાં લગિર ડરકૈં ભ્રાંતી રાખીજ બૂરી
થૈછેઆગે સકળ સતિઓ આકુળે શુદ્ધ શુરી ૨૯૬

દૈવાનીએ— વગર ધણીછે પ્રિયને શીખ પ્યારા
આવે નાહી તદપિ મુજને યાદ વિહૈં અમારા
વિચારીને સબઅ પ્રિયતું મંનમાં વાત મારી
દેજે તુથી બનતીરિતીએ અન્ય સલ્લાહસારી ૨૯૭

ધારીધારી સમય વરતી બોલજે બોલવાનું
રાખી તારૂં મનસ્થિરપ્રિયે કેહજે કેહવાનું
જેથી પ્યારા મુજપ્રિયતમા મંન ખોટું ન લાવે
વિહાળાંને જરીજરીમહીં તર્ક વિતર્ક આવે ૨૯૮

વિયોગીનાં હૃ:ય અતીક્ષે હોય દાઝેલ તેમાં
આડુંદોઢું કથન કથીને અન્ય કૈં ભેળતોમાં
ધીરે ધીરે રૂચતુ સરવે ત્યાં પ્રિયેનેતું કેજે
દાઝેલાના હૃદય વનમાં શાંતી ફેલાય સે'જે ૨૯૯

જેથીવાળા મનડું પ્રિયએ દીલનું દુઃખ ટાળી
આશારૂપી શિતળ તરૂની છાંયમાં રે'જ પ્યારી
કે'જેઆવી જરૂર મળુંહું પ્રિય આશ્વિન માસે
ત્યાંસુધીતો ધિરજધરીને સુખરે'જ્યો ઉલાસે ૩૦૦

માથે લીધું મુજતણું રૂડું કાર્યતેં પ્રેમ આણી
સંદેશાનું વિકટ પણઆ રે નિરાધાર જાણી
આશિર્વાદો પ્રિતથી દઉંહું કે સદા તુજ સાથ
રે'જ્યોકર્તા સરવ જગનો ને પૂરો વાંછનાય ૩૦૧

સમાપ્ત.